અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

# અવધ ટાઇમ્સ

AVADH TIMES GROUP

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.3-૦૦
તા.૦૩-૦૮-૨૦૨૪ શનિવાર

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેકસઃ ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ અષાઢ વદ ૧૪ વર્ષ : ૨૮ અંક ૩૦૩






૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ
૬૩,૨૫૦/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૦૨-૦૮-૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬


### અમરેલીના એસપી શ્રી હિમકરસિંહે લોકોને સાયબર ચીટીંગથી બચવાની ઉપયોગી ટીપો આપી

# ક્યું ભાઇ મુજે પહેચાના ? : ફોન કરી ફસાવતા સાયબર ઠગ સામે લોકજાગૃતિ લાવવા અમરેલી પોલીસ મેદાનમાં

**અમરેલી જિલ્લામાં એક વર્ષમાં બે હજાર લોકો સાયબર ઠગોનો શિકાર બન્યાં : પોલીસે દોઢ હજાર જેટલા લોકોને ગયેલી રકમ પરત અપાવી**

**સાયબર ઠગોએ ઓળવી લીધેલી બે કરોડ જેવી રકમમાંથી ૧.૩૫ કરોડની રકમ ઠગો પાસેથી ઓકાવી ભોગ બનેલા લોકોને પાછી આપી**



અમરેલી,

અમરેલીના એસપીશ્રી હિમકરસિંહે આજે પત્રકારોને સંબોધી અને મીડીયાના માધ્યમથી અમરેલી વિસ્તારમાં આવતા સાયબર ઠગોના કોલને કેવી રીતે હેન્ડલ કરવા તેની સલાહો આપી હતી.

તેમણે જણાવેલ કે, અધિક પોલીસ મહાનિદેશક સી.આઇ.ડી.ક્રાઇમ અને રેલ્વેઝ નાઓની સુચના હેઠળ સાયબર ક્રાઇમની સારી કામગીરી જેવી કે લોકોના સાયબર ક્રાઇમમાં બ્લોક કરાવેલ નાણા, સાયબર અવેરનેસ, નાણા પરત રીફંડ જેવી પ્રજાલક્ષી કરવામાં આવતી કામગીરી બાબતે પ્રજાજનોમાં સાયબર ક્રાઇમ બાબતે જાગૃતતા આવે તે સંદર્ભે આ પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવેલ છે.સાયબર ક્રાઇમ તપાસ અને રાહતનાં પ્રયાસો સાયબર ક્રાઇમનો ભોગ બનેલા ૨૮૦૦૦ બેંક ખાતાઓ અનફ્રીઝ કરવામાં આવ્યા (ખોલી નાખવામાં આવ્યા) તાજેતરમાં, ગુજરાત પોલીસે

(અનુ. પાના નં.૬)





























## અમરેલી શહેર કોંગ્રેસ પ્રમુખ એડવોકેટ શ્રી સંદીપ પંડ્યાની પાલિકાને માંગણી

# શ્રાવણમાં અમરેલીના દરેક દેવસ્થાનોની દૈનિક સફાઇ કરો

**આગામી દિવસોમાં પવિત્ર શ્રાવણ માસ નો પ્રારંભ થતો હોય શિવાલયો દેવસ્થાનો તેમજ મંદિરોની દૈનિક સફાઈ કરવા અંગે અમરેલી નગરપાલિકા ના ચીફ ઓફીસરને પત્ર લખી માંગ કરી**

**મંદિર પરીસરમાં જે સ્થળો એ પાણી ભરાતું હોય કે કિચકાણ થતા હોય ત્યાં મોરમ નાખવાની કામગીરી કરાવી અને મચ્છર જીવજંતુઓની ફરીયાદ હોય ત્યાં મેલેથીયોન નો છટકાવ કરો**



અમરેલી, (ડેસ્કરિપોર્ટર)

આગામી ૫/૦૮/૨૦૨૪ ને સોમવાર થી પવિત્ર શ્રાવણ માસ નો શુભારંભ થઈ રહયો છે ત્યારે અમરેલી શહેર ના ૧ થી ૧૧ વોર્ડ વિસ્તાર માં આવેલા શિવાલયો દેવસ્થાનો મંદિરો તેમજ પ્રાગણ માં પવિત્ર શ્રાવણ માસ દરમ્યાન સાફ સફાઈ ગંદકી મચ્છર જીવ જંતુ ડ્રેનેજ ની લાઈનો ગટરો ઉભરાવા પ્રશ્ને તકેદારી રાખવા માટે નગર પાલિકા આરોગ્ય વિભાગ દવારા ડી ડી ટી નો છટકાવ ડ્રેનેજ લાઈનો કિલયરન્સ તમામ મેંઈન હોલ ની સફાઈ મેલેથીયોન નો છટકાવ કરાવવા તેમજ મંદિર પરીસર જે સ્થળો એ પાણી ભરાતું હોય અથવા ગારો કિચકાણ થતા હોય ત્યાં મોરમ નાખવાની કામગીરી કરાવવા અને મચ્છર જીવજંતુઓ ની ફરીયાદ હોય ત્યાં મેલેથીયોન નો છટકાવ અને ફોગીગ કરાવવા સહીત ના પગલાં ભરવા અને અને હાલ તાજેતરમાં ઉદ્દભવેલ ચાંદીપુરા વાયરસે ગુજરાત માં હાહાકાર મચાવ્યો છે તે પરિસ્થિતિ માં તકેદારી સહિત ના પગલાં ઓ લેવડાવવા અને દૈનિક કામગીરી કરવા ગંભીરતા પૂર્વક અમરેલી નગરપાલિકા તંત્ર તાત્કાલીક અસરથી તમામ સંલગ્ન પેટા વિભાગ ને કાર્ય ની સોંપણી કરી આ સાફ સફાઈ સાથે સ્વચ્છતા રાખવા અંગે નું દૈનિક કાર્ય કરવામાં આવે તેવી માંગણી અમરેલી શહેર યુવક કોંગ્રેસ પ્રમુખ શ્રી સંદીપ પંડયાએ નગરપાલિકાના ચીફ ઓફીસરને કરી છે.

## નાયબ ઉપદંડક શ્રી કૌશિકભાઇ વેકરીયાની ઉપસ્થિતિમાં

# અમરેલીની નિત્યમ વિદ્યાસંકુલમાં વૃક્ષારોપણ કરાયું

**ટુંકા ગાળામાં ૧૪૦૦ થી વધુ વૃક્ષોનું વાવેતર અને જતન જોઇ શ્રી વેકરીયાએ હર્ષની લાગણી વ્યકત કરી**





અમરેલી,

શ્રીકૌશિકભાઈ વેકરીયા હસ્તે નિત્યમ વિદ્યાસંકુલ ખાતે ભવ્ય વૃક્ષા રોપણ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો. નિત્યમ વિદ્યાસંકુલના ફાઉન્ડર અને ચેરમેન હસમુખ પટેલના નવ સંકુલ ખાતે તેમની પર્યાવરણ પ્રત્યેની લાગણી અને જાગૃતતાના પરિણામ સ્વરૂપે ટુંકાગાળામાં ૧૪૦૦ થી પણ વધુ વૃક્ષોનું વાવેતર અને જતન જોઈ નાયબ ઉપદંડક શ્રીકૌશિકભાઈ એ હર્ષની લાગણી વ્યકત કરતા સંકુલના બાળકોને અભિનંદન સહ શુભઆશિષ પાઠવ્યા અને પટેલને પણ બાળકોમાં સાચા અર્થની પર્યાવરણ જાગૃતિ જગાડવા બદલ સાચા અર્થમાં કેળવણીકાર તરીકે બિરદાવી પાઠવી હતી. આ તકે ટ્રસ્ટીશ્રી, પ્રવિણભાઈ વસરા, હરેશભાઈ દેસાઈ, જીગ્નેશભાઈ કયાડા પિયુષભાઈ ગોહિલ, ભાવેશભાઈ ગજેરા, મગનભાઈ વસોયા તેમજ આચાર્યશ્રી, શિક્ષકગણ અને વિદ્યાર્થી દ્વારા ખૂબ જ જહેમત ઉઠાવી મોટી સંખ્યામાં વૃક્ષો વાવી તેનુ જતન કરવા પ્રતિજ્ઞા લીધી હતી. આ માટે ચેરમેન શ્રી હસમુખ પટેલે તમામને અભિનંદન પાઠવ્યા હતા.

## લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) અને સુદર્શન નેત્રાલય દ્વારા

# લીલીયા ઉમિયા માતાજી મંદિરે વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો

**રમાબેન અનિલભાઈ પારેખ મુંબઇ તરફથી પ્રાપ્ત થયેલ આર્થિક સહયોગથી આયોજન**



અમરેલી,

સામાજિકપ્રવૃત્તિઅંતર્ગતઅંધત્વ નિવારણદૂર કરવાના હેતુસર શ્રીઉમિયામાતાજી મંદિર ટ્રસ્ટ લીલીયા મોટાના ઉપક્રમે તેમજ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી), સુદર્શન નેત્રાલય અમરેલી અને રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર મુંબઈના આર્થિક સહયોગથી દસમો વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણકેમ્પ ઉમિયામાતાજી મંદિર ઉમિયાધામ લીલીયા મોટા મુકામે તા.૦૧-૦૮-૨૦૨૪ ને ગુરુવાર સવારે૯-૦૦ કલાકે આયોજીત કરવામાં આવેલ હતો. આ નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પનું દિપપ્રાગટ્ય શ્રીઉમિયામાતાજી મંદિર ટ્રસ્ટ લીલીયા મોટાના ઉપપ્રમુખશ્રી મનસુખભાઈ ગાંગડિયા દ્વારા કરવામાં આવેલ હતું અને તેઓએ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)ને અંધત્વ નિવારણ અંગેની પ્રશંસનીય કામગીરીને બિરદાવી હતી અને આ કેમ્પનો વધુમાં વધુ દર્દીઓએ લાભ લેવા અપીલ કરી હતી. આંખના રોગ જેવા કે મોતિયો, જામર, વેલ, પરવાળા, ત્રાંસી આંખ, કીકી, પડદા તથા આંખના અન્ય રોગોની તપાસ નિષ્ણાત ડો. દર્શિતભાઈ ગોસાઈ અને તેની ટીમ દ્વારા કરવામાં આવેલ હતી. જરૂરિયાતમંદ દર્દીઓને સુદર્શન નેત્રાલય અમરેલીમાં લાવીને મોતિયાના ટાંકા વગરના ઓપરેશન કરી નેત્રમણી બેસાડી આપેલ છે. નેત્ર જાળવણી અને જાગૃતિ અંગેની ૫,૦૦૦ પત્રિકાનું વિતરણ કરવામાં આવેલ હતું. આ કેમ્પમાં ૬૮ આંખ રોગના દર્દીઓએ લાભ લીધો હતો અને ૦૯ દર્દીઓને નેત્રમણી આરોપણ કરવામાં આવેલ હતું. દરેક દર્દીઓના બ્લડ પ્રેશર તેમજ બ્લડ સુગર ચકાસવામાં આવેલ હતા. આ ઉપરાંત જરૂરિયાતમંદ વ્યક્તિઓની આંખના નજીક તથા દુરના નંબરની તપાસ કરી કેમ્પ સ્થળ ઉપર નંબર પ્રમાણે રાહત ભાવે ચશ્મા બનાવી આપવામાં આવેલ હતા. નિયમિત રીતે ઉમિયાધામ લીલીયા મોટા મુકામે દર મહિનાના પહેલાં ગુરૂવારે આંખના નિષ્ણાત ડોક્ટરની ટીમની સેવાઓ થકી વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પનું આયોજન કરવામાં આવે છે. આ કેમ્પને સફળ બનાવવા માટે ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટના પ્રમુખશ્રી બાબુભાઈ ધામત, ઉપપ્રમુખશ્રી મનસુખભાઈ ગણેશભાઈ ગાંગડીયા, મંત્રીશ્રી બટુકભાઈ બી. સોળીયા, મગનભાઈ ભીખાભાઈ ધામત, પ્રકાશભાઈ આચાર્ય, લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સીટી) તરફથી પ્રમુખ લાયન મનોજભાઈ કાનાણીની રાહબરી હેઠળ પૂર્વ પ્રમુખ લાયન પ્રા.એમ.એમ.પટેલ, લાયન રમેશભાઈ ગોલ, ટ્રેઝરર લાયન સાહસભાઈ ઉપાધ્યાય તેમજ સુદર્શન નેત્રાલય તરફથી શ્રી કિર્તીભાઈ ભટ્ટ, નિલેશભાઈ ભીલ, લાલબહાદુર ભટ્ટ ની ટીમ તેમજ શ્રી દુષ્યંતભાઈ પારેખ, શ્રી અનિલભાઈ પારેખ દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ હતી.

# આજે વિધાનસભા નાયબ મુખ્ય દંડક શ્રી કૌશિક વેકરિયાના અધ્યક્ષ સ્થાને મહિલા સ્વાવલંબન દિવસની ઉજવણી

**મહિલાઓ માટે સ્વરોજગાર મેળો, સાહસિક મહિલાઓના સન્માનનો કાર્યક્રમ યોજાશે**

અમરેલી,

ગુજરાત રાજય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આયોજિત નારી વંદન ઉત્સવ નિમિત્તે તા. ૩ ઓગષ્ટ, ૨૦૨૪ને શનિવારના રોજ સવારે ૯ વાગ્યે અમરેલી સ્થિત ટી.પી.ગાંધી સ્કૂલની સામે આવેલી શ્રી બ્રાહ્મણ સમાજની વાડી ખાતે મહિલા સ્વાવલંબન દિવસની ઉજવણી કરવામાં આવશે. વિધાનસભા નાયબ મુખ્ય દંડક શ્રી કૌશિકભાઈ વેકરિયાના અધ્યક્ષ સ્થાને યોજાનાર આ કાર્યક્રમમાં મહિલાઓ માટે સ્વરોજગાર મેળો, સાહસિક મહિલાઓને સન્માનિત કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, ઓગસ્ટ માસમાં પ્રથમ અઠવાડિયામાં નારી વંદન ઉત્સવ અંતર્ગત વિવિધ મહિલા કેન્દ્રિત દિવસની ઉજવણીના ભાગરુપે તાલુકા-જિલ્લાકક્ષાએ કાર્યક્રમો યોજવામાં આવે છે. મહિલાઓને રાજય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ વિષયક વિગતો અને માર્ગદર્શન આપવામાં આવે છે.

કાર્યક્રમમાં સાંસદ શ્રી ભરતભાઈ સુતરિયા, ધારાસભ્યશ્રીઓ, અમરેલી તાલુકા પંચાયત પ્રમુખ શ્રી કિશોરભાઈ કાનપરિયા, અમરેલી નગરપાલિકા પ્રમુખ શ્રી બિપીનભાઈ લીંબાણી, જિલ્લા પંચાયત મહિલા અને બાળ વિકાસ સમિતિ અધ્યક્ષ શ્રીમતી ગીતાબેન ચાવડા સહિત મહાનુભાવો રહેશે.

## ગૌસેવા દ્વારા જુદી જુદી કેડરમાં ભરતીઓમાં યુવાનેને અન્યાય થતાં

# સાવરકુંડલા મામલતદારને યુવાનોએ આવેદનપત્ર પાઠવી રજુઆત કરી

**એક થી વધારે સિફટમાં જે પેપર લેવામાં આવે છે તેમાં પ્રશ્નેનું સ્તર જળવાતું નથી**



સાવરકુંડલા, (સૌરભ દોશી)

તારીખ ૧ ઓગસ્ટ ૨૦૨૪ ના રોજ અમરેલી જિલ્લાના સાવરકુંડલા માં યુવાનો દ્વારા મામલદાર શ્રી ને મોટી સંખ્યામાં યુવાનો દ્વારા આવેદન આપવામાં આવ્યું. અને આવેદન પત્રમાં ઉલ્લેખ કરવામાં આવેલ કે છેલ્લા ઘણા સમયથી ગૌણસેવા દ્વારા, ફોરેસ્ટ, CCE, સબ ઓડિટર, સિનિયર સર્વેયર, Planning assistant, Work assistant, મદદનીશ ઈજનેર સિવિલ, ગ્રાફિક ડિઝાઈનર એમ અલગ અલગ સવર્ગ અને કેડરની ભરતીઓ CBRT પદ્ધતિ દ્વારા લેવામાં આવી છે. આ પદ્ધતિનો ગુજરાતમાં પહેલી વાર જ્યારે પ્રયોગ કરવામાં આવ્યો તે પહેલા કહેવામાં આવતું હતું કે આ CBRT દ્વારા પરીક્ષા લેતી એજન્સી ખૂબ વિશ્વસનીય, પારદર્શી, પેપર રહિત, ભૂલ રહિત છે, પરંતુ છેલ્લે લેવાયેલ તમામ પરીક્ષાઓ માં આ પદ્ધતિ ખરી ઉતરી નથી તેને કારણે અનેક છબરડા સામે આવ્યા છે. સૌથી મોટું નકારાત્મક પાસુ એ છે કે ગુજરાત સરકારની તમામ પરીક્ષાઓ ગુજરાતી ભાષા દ્વારા લેવામાં આવે છે. TCS કે અન્ય પ્રાઈવેટ એજન્સી દ્વારા જે કોન્ટ્રાકટ ધોરણે કામ આપવામાં આવે છે તેમાં તેને ગુજરાતી ભાષા નો કોઈ અનુભવ જ નથી હોતો તેમ જ ગૌણસેવા ના અધિકારી અને એજન્સી નાં માણસો વચ્ચે સંકલન નો અભાવ છે, જેથી જે પેપર સેટ કરવાનું અને પેપર ચેક કરવા માટેનું જે કામ સોંપવામાં આવે છે તેમાં સૌથી વધુ ભાષાંતર ની ભૂલો જોવા મળે છે. ગૂગલ ટ્રાન્સલેશન કે અન્ય કોઈ એપ્લિકેશન નો ઉપયોગ કરી ભાષાંતર કરવામાં આવે છે, જેને કારણે જે ભાવાનુવાદ થવું જોઈએ તે થતું નથી અને અર્થ નો અનર્થ થઈ જાય છે.

બીજી મુશ્કેલી એ પણ છે કે એકથી વધારે શિફ્ટ માં જે પેપર લેવામાં આવે છે તેમાં પ્રશ્નો નું સ્તર જળવાતું નથી, કોઈ પેપર ખૂબ સહેલા નીકળે છે અને કોઈ પેપર ખૂબ અઘરા નીકળે છે. પછી નોર્મલાઈઝેશન મેથડ ઉપયોગ કરી જે મેરીટ યાદી તૈયાર કરવામાં આવે છે તેમાં ગુણભાર ચોક્કસાઈ થી માપી શકાતો નથી અને તુલનાત્મક માપદંડો પણ જાળવતા નથી. આ નોર્મલાઈઝેશન પદ્ધતિ ખૂબ નુકશાનકારક અને અન્યાય કરતા છે. તે પણ આ ભ્રમ્ઈ પદ્ધતિ ને કારણે દૂર થવી જોઈએ. તેવું યુવા અધિકાર ન્યાય ચળવળ દ્વારા મામલતદાર કચેરી સાહેબને સાવરકુંડલા માં આ પરીક્ષા પદ્ધતિના વિરોધમાં આવેદન પત્ર આપવામાં આવ્યું.

## સુરતમાં વિદ્યાર્થીઓથી ભરેલી બસ ખાડામાં ખાબકી : સદનસીબે તમામ બાળકો સુરક્ષીત

## સેવાને સરનામે ઉમળકા સાથે

# અમરેલી સારહિ તપોવન આશ્રમમાં તપસ્વીઓ સાથે ભોજન પ્રસાદ લેવાયો

**લાયન્સ કલબ ઓફ અમરેલી મેઇન દ્વારા આયોજન**



અમરેલી, સવાને સરનામે ઉમળકા સાથે તા. ૦૧-૦૮-૨૦૨૪ નાં રોજ સારહિ યુથ ક્લબ ઓફ અમરેલી સંચાલિત સારહિ તપોવન આશ્રમ માં રહેતા તપસ્વીશ્રીઓની સાથે રહીને સમય વિતાવેલ અને ભોજન પ્રસાદ લઈને ત્યારબાદ છૂટા પડેલ લાયન્સ ક્લબ ઓફ અમરેલી (મેઇન)ના શ્રી રાજુભાઈ પોકળ સહ પરિવાર, શ્રી જગદીશભાઈ ડોબરીયા સહ પરિવાર ઉપસ્થિત રહેલ, આ અવસરે લાયન્સ ક્લબ ઓફ અમરેલી મેઈન પ્રમુખ શ્રી રાજેશભાઈ વિઠલાણી, સેક્રેટરી શ્રી બકુલભાઈ ભટ્ટ, લાયન રાજુભાઈ ઝાલાવાડીયા, લાયન જતીનભાઈ સુખડિયા અન્ય રાજેશભાઈ પોકળ સહિત પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહેલ. સારહી તપોવન આશ્રમ નાં સ્વપ્ન દ્રષ્ટા - પ્રમુખ શ્રી મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સારહી પરિવાર ને શુભકામનાઓ પાઠવી સારહિ પરિવાર વતી હ્રદય પૂર્વક આભાર માનવામાં આવેલ.

# બગસરામાં વરિયાવંશ પ્રજાપતિ સમાજ દ્વારા વિદ્યાર્થી સન્માન સમારંભ યોજાશે

**ડેપ્યુટી કલેકટર પુજાબેન જોટાણીયાના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમનું આયોજન**



બગસરા, (રૂપેશ રૂપારેલિયા) બગસરા વરિયાવંશ પ્રજાપતિ સમાજ દ્વારા સરસ્વતી સન્માન સમહારો અમરેલી ડે.કલેકટર શ્રી પૂજાબેન જોટાણીયા નાં અધ્યક્ષતા માં તા. ૦૪/૦૮/૨૦૨૪ ને રવિવારે સથવારા સમાજ વાડી યોજાશે જેમાં દીપ પ્રાગટય બગસરા આપાગીગા ગાદી મંદિર ના મહંત જેરામબાપુ, અખિલ ભારતીય કુંભકાર સંઘ ગુજરાત રાજ્ય ના મંત્રી બી.પી લાઠિયા, જ્ઞાતિ ભામાશા રમેશભાઈ રાખશિયા, દાદરગીર હાલ રાજકોટ ના ગોવિંદભાઈ ટુડીયા ના વરદ હસ્તે કરી કાર્યક્રમ ને ખુલ્લો મૂકવામાં આવે જેમાં મુખ્ય વક્તા બગસરા સુંદરકાંડ પરિવાર ના મોભી અને રામાયણીક ચંદ્રહાસભાઈ બસિયા, નિવૃત્તશિક્ષક ઉચ્ચતર માધ્યમિક શાળા વાસાવડ નાં વિનાયચંદ્ર મારડિયા, સી.આર.સી.કો.ઓ. લીલીયા કન્યાશાળા પ્રવીણભાઈ રાખશીયા હાલ ના સમય માં શિક્ષણક્ષેત્રે થતી હરણફાળ અને સમાજ માં શિક્ષણ નું મહત્વ સહિત ની મોટીવેશન અંગે સમાજ અને વિદ્યાર્થીઓ ને પ્રોત્સાહિત કરવા સહિત ઉપર પોતાનું વક્તવ્ય આપશે આ કાર્યક્રમ માં વરિયાવંશ પ્રજાપતિ સમાજ દેશ દેશાવર ના આગેવાનો હાજર રહી વિદ્યાર્થીઓ ને પ્રોત્સાહિત કરશે તેમ બગસરા વરિયાવંશ પ્રજાપતિ સમાજના પ્રમુખ જીતેન્દ્રભાઈ જોટાણીયા અને મંત્રી સંજયભાઈ લાઠીયા જણાવેલ છે.


**દુકાન ભાડે આપવાની છે**
હેર કટીંગની ચાલુ કંડીશનમાં પાર્ટીને બહારગામ જવાનું હોવાથી ફુલ ફર્નિચર ખુરશી સાથે દુકાન ભાડે આપવાની છે (સારા ધંધા સાથે)
એડ્રેસ : સંકુલ રોડ, અમરેલી
મો.૯૪૦૯૪ ૯૧૭૦૧, ૯૭૨૫૮ ૦૫૪૭૦

**ભવાની ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ**
A/C તથા NON A/C ગાડી ભાડે મેળવવા માટે વ્યાજબી ભાવમાં બ્રાન્ડ ન્યુ
મારૂતી અર્ટીગા (૭ સીટર)
મારૂતી સ્વીફ્ટ ડીઝાયર (૪ સીટર)
સંપર્ક :- ખોડાભાઇ મો.૯૮૨૫૪ ૯૦૫૭૦
લાલભાઇ મો.૯૯૨૪૯ ૯૦૫૭૦

**બે માળનું મકાન વેચવાનું છે**
રેલ્વે સ્ટેશન સામે, જીવન મુક્તેશ્વર મંદિર પાસે, સરદાર પટેલ સોસાયટી, અમરેલી
ચાર વસા જમીનમાં, ૨૦૦ ફુટનો દાર, ગેસ કનેકશન સહિત સંપુર્ણ સગવડતા ધરાવતુ બે માળનું મોકાનું મકાન કસમાં વેચવાનું છે
સંપર્ક :- મો. ૯૪૨૯૪ ૧૫૯૮૫

**જય માતાજી પેસ્ટ કંટ્રોલ સર્વિસ**
નિયંત્રણ ઉધઈ
ફક ઈમ્પોર્ટેડ કેમીકલથી ગેરંટી સાથે ઉધઈ ટ્રીટમેન્ટ - હાઈટેક પેસ્ટ કંટ્રોલ સર્વિસ
ઉધઈ-માકડ-વાંદા વગેરે દવા છાંટી આપીશું
અજયભાઈ : ૬૩૫૪૮૬૩૫૦૪ / ૬૩૫૪૯૮૪૨૬૧

**મકાન વેચવાનું છે**
''જોતા જ ગમી જાય તેવુ''
રોડ ટચ, સંકુલની સામે, ચક્કરગઢ રોડ, અમરેલી. ફુલ ફર્નિચર, પાર્કિંગ સાથે (ગેસ, ગટર, પાણી કનેકશન)
2BHK મકાન વેચવાનું છે
સંપર્ક : ૯૪૨૯૩ ૫૧૮૭૮, ૬૩૫૧૧ ૭૦૩૪૦

**અમરેલીનું ગૌરવ હોટલ રોયલ ફોરચ્યુન**
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ
ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેઝોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

A.P.C.C.S
માત્ર ૨૦ જ મીનીટમાં.. ફક્ત ૯.૯૦% ના વાર્ષિક વ્યાજદરે અને સરળ પ્રક્રિયા દ્વારા ગોલ્ડલોન
ધી અમરેલી પીપલ્સ ક્રેડીટ કો-ઓપ. સોસાયટી લી. - અમરેલી
''પીપલ્સ ભવન'', ફ્રુટ માર્કેટ
પ્રથમ માળ, ઇન્દીરા શોપીંગ સેન્ટર, અમરેલી
સંપર્ક : (૦૨૭૯૨) ૨૨૦૨૬૪, ૯૪૦૮૫ ૬૨૨૬૪

**જગ્યા વેચાણથી આપવાની છે**
બેંક, હોસ્પિટલ, શો-રૂમ લાયક જગ્યા
પહેલો માળ ''અવલકુંજ'' કોમ્પ્લેક્ષ
જુની કેનેરા બેંકવાળી જગ્યા
સ્થળ : લીલીયા રોડ, પટેલવાડીની સામે, અમરેલી
રસ ધરાવતા વ્યક્તિઓ નીચેના નંબર પર સંપર્ક કરો
મો.૯૯૨૫૨ ૨૬૬૩૮, ૬૩૫૩૬ ૪૨૪૯૭

**મકાન વેચવાનું છે**
વેસ્ટર્ન પાર્ક સોસાયટી, ચિતલ રોડ, અમરેલી
ચામુંડા કૃપા નામનું તમામ સુવિધાવાળુ બે માળનું મકાન (બંગલો)
મોકાની જગ્યાવાળુ વેચાણ કરવાનું છે
ખરીદ કરવા માંગતા વ્યકિતએ સંપર્ક કરવો
પી.સી.પરમાર (નિવૃત મામલતદાર)
(દલાલ ભાઇઓ આવકાર્ય છે)
સંપર્ક : મો.૯૮૨૫૯ ૦૬૨૧૨

અમરેલીનાં વિકાસને અવરોધતા એનઓસીના પ્રશ્ને

# અવધ ટાઇમ્સના અહેવાલથી ગણતરીના કલાકોમાં જ બાંધકામનો પ્રશ્ન ઉકેલાયો

## બાંધકામ માટેનાં રસ્તાઓ આડેથી અડચણ દુર થઇ

અમરેલી,

અમરેલીનાં વિકાસને અવરોધતા એરપોર્ટ ઓથોરીટીનાં એનઓસીના પ્રશ્ને અવધ ટાઇમ્સના અહેવાલને પગલે ગણતરીના કલાકોમાં જ પ્રશ્ન ઉકેલાયો હતો અને નવા બાંધકામ માટેનાં રસ્તાઓ આડેથી અડચણ દુર થઈ હતી.

અમરેલીમાં એરપોર્ટ ઓથોરીટી કચેરીએ જ લોકોની બાંધકામની એનઓસી લેવા માટેની અરજી સ્વીકારવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જે પહેલા ઓનલાઈન અથવા અમદાવાદ જવાનો હતો અને તેમાં નાણાકીય બાબતોની કોઈ ચોખવટ નહતી પણ હવે એ સ્પષ્ટ કરવામાં આવ્યુ છે કે એનઓસી વિનામુલ્યે આપવામાં આવશે આમ અવધ ટાઈમ્સના સચોટ અને અસરકારક અહેવાલને પગલે તંત્ર દ્વારા લોકહિતમાં અહેવાલ પ્રસિદ્ધ થયાના ગણતરીના કલાકોમાં જ નિર્ણય લેવાતા લોકોમાં આનંદ છવાયો છે.

# ૧૫મી ઓગષ્ટે જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી બગસરા મુકામે થશે



અમરેલી, અમરેલી જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વ અ સ્વાતંત્ર્ય દિનની ઉજવણી બગસરા સ્થિત મેઘાણી હાઈસ્કૂલ ખાતે થશે. જિલ્લા કક્ષાની ઉજવણીમાં રાજ્યના જળસંપત્તિ, પાણીપુરવઠા તેમજ અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયાના હસ્તે ધ્વજવંદન થશે. સ્વાતંત્ર્ય પર્વ દિન ઉજવણીના સુચારુ આયોજન માટે અમરેલી જિલ્લા કલેકટરશ્રી અજય દહિયાના અધ્યક્ષ સ્થાને અમરેલી જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા વહીવટીતંત્રના અધિકારીશ્રીઓની બેઠક યોજાઈ હતી. બેઠકમાં જિલ્લા કલેકટરશ્રીએ વિવિધ કચેરીના અધિકારીશ્રીઓને કચેરીને લગતી, કરવાની થતી કામગીરીની સોંપણી કરી હતી. ઉજવણી સાથ સંલગ્ન તમામ વ્યવસ્થાઓ સુચારુ રીતે ગોઠવાય તે જોવા સૂચના આપી હતી. આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટરશ્રી દિલીપસિંહ ગોહિલે, જિલ્લાના વિવિધ અધિકારીશ્રીઓને આગોતરા આયોજન તેમજ પ્રોટોકોલ મુજબ વ્યવસ્થાઓ ગોઠવવા વિશેષ કાળજી લેવા સંબંધિત અધિકારીશ્રીઓને સૂચનાઓ આપી હતી. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી પરિમલ પંડ્યા, બગસરા પ્રાંત અધિકારીશ્રી, શિક્ષણ, આરોગ્ય, પોલીસ, મહેસૂલ, પંચાયત, વન, માર્ગ અને મકાન, બગસરા તાલુકા મામલતદારશ્રી, બગસરા નગરપાલિકા ચીફ ઓફિસરશ્રી સહિત જિલ્લાની વિવિધ કચેરીઓના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## અવધ ટાઇમ્સની સીધી વાત

અમરેલીના જાગૃત ધારાસભ્ય અને વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી કૌશિક વેકરિયાની અવધ ટાઇમ્સ સાથે સીધી વાતચીત

# અમરેલીના વિકાસને નડતા પ્રશ્નોને તાકીદે ઉકેલશુ : શ્રી વેકરિયા

**અમરેલીના એરપોર્ટના એનઓસીના પ્રશ્ને આજે ઉકેલી નાખ્યો છે : સક્ષમ ઓથોરીટીને સમજાવી અને લોકોને સરળતા રહે તેવો ઉકેલ લાવવામાં આવ્યો**

**અમરેલી શહેર અને અમરેલી વિસ્તારના નાના મોટા અનેક પ્રશ્નો ઉકેલવા માટે તનતોડ મહેનત કરુ છુ, લોકોએ સોપેલ જવાબદારી નિભાવવા માટે કટ્ટીબધ્ધ**



અમરેલી, (ફીલ્ડ રિર્પોટર) અમરેલીના નાની ઉમરના ધારાસભ્ય અને રાજયની વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી કૌશિક વેકરિયાએ અમરેલીમાં હજારો લોકો સમક્ષ ઉભા થયેલા બાંધકામ માટે એરપોર્ટની ઓથોરીટીની એનઓસી લેવાના ઉભા થયેલા પ્રશ્નને ઉકેલી અને અમરેલીના વિકાસની આડે આવનારા દરેક પરિબળની સામે લડવાનો મકકમ નિર્ધાર અવધ ટાઈમ્સ સાથે સીધી વાતચીત દરમિયાન વ્યકત કરતા જણાવ્યઉં હતુ કે, અમરેલીના વિકાસને નડતા પ્રશ્નોને તાકીદે ઉકેલશુ, અમરેલીના એરપોર્ટના એનઓસીના પ્રશ્નને આજે ઉકેલી નાખ્યો છે સક્ષમ ઓથોરીટીને સમજાવી અને લોકોને સરળતા રહે તેવો ઉકેલ લાવવામાં આવ્યો છે.

બાંધકામ માટે એરપોર્ટ ઓથોરીટીની એનઓસી લેવાની ફરજીયાત હોય નવી રજાચીઠી માટે પ્રશ્નો ઉભા થતા અમરેલીના અનેક નાગરીકો દ્વારા અને સબંધીત લોકો દ્વારા આવેલી રજુઆતને પગલે અમે આ પ્રશ્નનો ઉકેલ લાવવા માટે પ્રયત્શીલ હતા અને આજે આ મામલો ઉકેલ્યો છે અમરેલીના એરપોર્ટ ઓથોરીટીના પેચીદા પ્રશ્ન માટે અનેક બેઠકો કરી આ પ્રશ્નનો એવો વ્યવહારુ ઉકેલ કાઢયો છે કે બાંધકામ માટે જરુરી રજાચીઠીમાં લોકોએ લેવી પડતી એરપોર્ટ ઓથોરીટીની એનઓસી માટે એક પણ પૈસો આપવો નહી પડે અને અમદાવાદનો ધકકો પણ નહી થાય અમરેલી ખાતેની એરપોર્ટ ઓથોરીટીની ઓફીસેથી જ અરજીઓ સ્વીકારવામાં આવશે તેવો નિર્ણય સતાધીકારીઓને સુચના આપી કરાવ્યો છે માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીના મોડેલ ગુજરાતને વધુ ઉજજવળ બનાવવવાની નેમ સાથે શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની ગુજરાત રાજય સરકાર પણ અમરેલીના વિકાસ માટે પ્રયત્નશીલ છે.

અઠવાડીયામાં પોતાના વિસ્તારમાં સતત લોકોની વચ્ચે અને સાથે રહેતા જમીનના માણસ એવા શ્રી કૌશિક વેકરિયા અમરેલી માટે રાજય સરકારમાં અટકેલા કામો માટે સતત જાગૃત રહી અને અમરેલીને વધુને વધુ સરકારી યોજનાઓનો લાભ મળે તે માટે પ્રયત્નશીલ છે તેમણે અવધ ટાઈમ્સ સાથેની વાતચીતમાં જણાવેલ કે, અમરેલી શહેર અને અમરેલી વિસ્તારના નાના મોટા અનેક પ્રશ્નો ઉકેલવા માટે તનતોડ મહેનત કરુ છુ, લોકોએ સોપેલ જવાબદારી નિભાવવા માટે કટ્ટીબધ્ધ છુ. શ્રી કૌશિક વેકરિયા સાથેની વાતચીત દરમિયાન લાઠીના ધારાસભ્ય શ્રી જનક તળાવિયા પણ ઉપસ્થિત રહયા હતા.

**અમરેલીના એરપોર્ટ ઓથોરીટીના પેચીદા પ્રશ્ન માટે અનેક બેઠકો કરી આ પ્રશ્નનો વ્યવહારુ ઉકેલ કાઢયો છે : લોકોએ એનઓસી માટે એક પણ પૈસો આપવો નહી પડે, અમદાવાદનો ધકકો પણ નહી થાય અમરેલી ઓફીસેથી જ અરજીઓ સ્વીકારવામાં આવશે સરકાર પણ અમરેલીના વિકાસ માટે પ્રયત્નશીલ છે**

સ્વ. મહમદ રફીની ૪૪મી પુણ્યતિથિ નિમિતે સદાબહાર કારાઓકે કલબ દ્વારા


# કાલે અમરેલીમાં 'આસમાન સે આયા ફરીશ્તા' કાર્યક્રમ

**શહેરનાં સંગીત રસીક શ્રોતાઓ માટે આંતરરાષ્ટ્રિય ખ્યાતનામ કલાકાર અને કલાવૃંદ શ્રોતાઓને મંત્રમુગ્ધ કરશે**

અમરેલી, સદીનાં મહાનગાયક સ્વ. મહમદ રફીની ૪૪મી પુણ્યતિથિ નિમિતે તા.૪-૮ રવિવારનાં રાત્રીનાં ૯ કલાકે હોટલ એન્જલ માણેકપરામાં અમરેલી શહેરનાં સંગીત રસીક શ્રોતાઓ માટે સદાબહાર કારાઓકે કલબ અમરેલી આયોજીત સંગીતનાં કાર્યક્રમમાં મુખ્ય મહેમાન સૌરાષ્ટ્ર કચ્છ આર્કેડીયા પ્રમુખ સુનિલભાઈ શાહ રાજકોટ, ઉમેશભાઈ માખીજા રફીભક્ત અમદાવાદ, મહેમાન કલાકાર મયુરભાઈ ગોરખીયા, બીના શુકલ, દિપકભાઈ સંઘવી ખાસ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં આંતરરાષ્ટ્રિય ખ્યાતનામ કલાકાર ઈમ્તિયાઝ પાનવાલા સુરત, દેવાંગી બ્રહ્મભટ્ટ અમદાવાદ, સીકંદરખાન પઠાણ અમરેલી, બિપીન મકવાણા મ્યુ. ડાયરેકટર રાજકોટ, અનિલ ઠાકર અમરેલી, પેઈન્ટર જોગી કો-ઓર્ડીનેટરની ઉપસ્થિતિમાં કાર્યક્રમમાં ગીત સંગીતની જમાવટ કરવામાં આવશે.

# યુનો દ્વારા ભારતની કથાને સૌથી મોટું સન્માન : બે વિશ્વયુદ્ધ વાણીથી થયા અને ત્રીજુ પાણીને કારણે થશે : પૂ. મોરારીબાપ

**વિશ્વનો યંત્ર માનવ કે તંત્ર માનવને બદલે મંત્ર માનવની વધુ જરૂર છે : મંત્રોનો અર્થ સમજદારો વિચારો**



રાજુલા, (કનુભાઈ વરૂ)

દેશભરમાં જાણીતા કથા અને કથાકારની યુનોમાં કથા ન્યૂયોર્કમાં સૌથી મોટા મોટું સન્માન પ્રથમવાર આપવામાં આવ્યું એવોર્ડ પણ અર્પણ કરવામાં આવ્યો. આ પ્રસંગે મૃત્યુતર આપતા પૂજ્ય મોરારીબાપુ એ જણાવ્યું કે બે વિશ્વયુદ્ધ વાણીને લીધે થયા હતા હવે ત્રીજા વિશ્વયુદ્ધ પાણી માટે થશે આજે વિશ્વનો યંત્ર માનવ કે તંત્ર માનવને બદલે મંત્ર માનવાને વધુ જરૂર છે મંત્રોનો અર્થ છે સમજદાર વિચારો હૃદયપૂર્વકના વિચારો વિશ્વમાં સત્યપ્રેમ અને કરુણાના સંદેશને ફેલાવવાના હેતુથી આ કથા નો પ્રારંભ આ દેશથી કરવામાં આવ્યો હતો

## ભાલવાવ પ્રા. શાળામાં બાળમેળા અને શિક્ષા સપ્તાહ કાર્યક્રમ યોજાયો

અમરેલી,

તારીખ ૨૭/૦૭/૨૦૨૪ના રોજ શ્રી ભાલવાવ પ્રાથમિક શાળામાં 'શિક્ષા સપ્તાહ' તેમજ 'બાળમેળા'નું સુંદર આયોજન કરવામાં આવેલું. શિક્ષા સપ્તાહ દરમિયાન વિવિધ દિવસનું આયોજન કરવામાં આવેલ 'ઈકો કલબ ડે' નિમિત્તે શાળાના પ્રાંગણમાં વિવિધ વૃક્ષોનું વાવેતર વિદ્યાર્થી અને તેમના માતા દ્વારા કરવામાં આવેલ તેમજ સૂત્રો પોસ્ટર દ્વારા ગ્રામજનોને જાગૃતિ ફેલાવવાનું કામ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલ. બાળમેળામાં વિદ્યાર્થીઓ દ્વારા બાળવાર્તા, અભિનય, પઝલ્સ રંગપુરણી, વેસ્ટ માંથી બેસ્ટ, માટીકામ, ગડીકામ, કાગળ કામ છાપકામ, ચિટકકામ, એક મિનિટ, બાળરમતો, વેશભૂષા, હાસ્ય દરબાર, વગેરેનું આચાર્યશ્રી જયભાઈ દવે તથા સમગ્ર સ્ટાફ દ્વારા સુંદર આયોજન કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમને સલાહ અને માર્ગદર્શન આપવા માટે સી.આર.સી કો-ઓર્ડીનેટર દામનગર-૧ દિલીપભાઈ પરમાર પણ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારેલ.

અમરેલી જિલ્લા રોજગાર કચેરી દ્વારા

# અમરેલીમાં નારી વંદન કાર્યક્રમ મહિલા સ્વાવલંબન દિવસ તરીકે ઉજવાશે

અમરેલી,

ઓગસ્ટ માસમાં નારી વંદન ઉત્સવ સપ્તાહનું આયોજન કરવામાં આવ્યુ છે. તા.૦૩ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ મહિલા સ્વાવલંબન દિવસ હોય, અમરેલી જિલ્લા રોજગાર કચેરી દ્વારા અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી મહિલાઓ માટે ખાસ ભરતી મેળાનું આયોજન છે. જિલ્લાના ખાનગી ક્ષેત્રના એકમો ૧૮ થી ૪૦ વર્ષની વયમર્યાદા અને ખાલી જગ્યાને અનુરુપ ધો.૧૦ પાસથી ઓછું, અને ધો.૧૦ થી ગ્રેજ્યુએટ, ડિપ્લોમાં, પોસ્ટ ગ્રેજ્યુએટ, આઈ.ટી.આઈ શૈક્ષણિક લાયકાત ધરાવતા રોજગાર ઈચ્છુક મહિલા ઉમેદવારો માટે તા.૦૩ ઓગષ્ટ, ૨૦૨૪ ના રોજ સવારે ૯.૩૦ વાગ્યે ખેડાવાળ બ્રાહ્મણની વાડી, ટી.પી.એમ.ટી ગાંધી ગર્લ્સ સ્કૂલ સામે, નાગનાથ મહાદેવ બસ સ્ટેશનની બાજુમાં, અમરેલી ખાતે ભરતી મેળો યોજાશે.

આ ભરતીમેળા અંતર્ગત સિન્ટેક્ષ ઈન્ડસ્ટ્રીઝ લુણસાપુર, આલ્ફા ઓટોલીંક, એલ.એલ.પી અમરેલી, એલ.આઈ.સી અમરેલી, શિતલ કુલ પ્રોડક્ટ અમરેલી, નિલકંઠ જ્વેલર્સ તથા એચ.ડી.એફ.સી લાઈફ ઈન્શ્યોરન્સ અમરેલી જેવા જુદા જુદા એકમ માટે ભરતી કરવામાં આવશે. ભરતીમેળામાં ભાગ લેવા માટે આધાર કાર્ડ તેમજ શૈક્ષણિક લાયકાતના તમામ દસ્તાવેજો સાથે જોબસીકર તરીકે નોંધાણી કરાવવી ફરજિયાત છે. રજિસ્ટ્રેશન લીંક https&//anubandham.gujarat.gov.in/account/signup પર નોંધણી કરવી, તેમ અમરેલી જિલ્લા રોજગાર અધિકારીશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે.

શ્રી આશાપુરા માતાજીના પ્રાગટય સ્થાનનું નવનિર્માણ ચાલી રહયુ હોય

# સાવરકુંડલામાં સમસ્ત આંબરડી સભાયા પરિવાર દ્વારા આવેદનપત્ર અપાયું

**સભાયા પરિવાર સેવા ટ્રસ્ટે સાર્વજનિક ઉપયોગ હેતુથી જગ્યાની માંગણી હોય ડિમોલીશન અટકાવવા રજુઆત**



સાવરકુંડલા, (સૌરભ દોશી)

સાવરકુંડલા મુકામે સમસ્ત આંબરડી ગામના જ્ઞાતિબંધુઓ આજુબાજુના ગામના નાગરિકો તેમજ આંબરડી ગામના સભાયા પરિવાર દ્વારા આંબરડી ગામ મુકામે આવેલ સભાયા પરિવારના કુળદેવી શ્રી આશાપુરા માનુ વર્ષો જૂનું પ્રાગટ્ય સ્થાન આવેલું છે અને ત્યાં આખા આંબરડી ગામના તમામ સમાજ તેમજ સમગ્ર હિન્દુ સમાજની આસ્થા જોડાયેલી છે એવું આસ્થાના પ્રતીક સમા મંદિરનું નવનિર્માણ કાર્ય ચાલી રહ્યું છે ત્યારે તંત્ર દ્વારા આ મંદિર તોડી પાડવાના અનેકો અનેક પ્રયાસો ચાલી રહ્યા છે ત્યારે ગ્રામજનોની માંગણી એવી છે કે અમરેલી કલેક્ટર શ્રી મારફત રાજ્ય સરકારશ્રીને શ્રી આશાપુરા માં સભાયા પરિવાર સેવા ટ્રસ્ટ બનાવી સાર્વજનિક ઉપયોગ હેતુ આ જગ્યાની માંગણીની અપીલ કરેલી છે તો જ્યાં સુધી આ કરેલ માંગણી નો સાચો નિર્ણય ન આવે ત્યાં સુધી ડિમોલેશન અટકાવી અને સરકારશ્રીની પ્રતિષ્ઠા ને કોઈ હાની ન પહોંચે અને ગામમાં શાંતિનું વાતાવરણ ન ડહોળાય એ હેતુથી સાવરકુંડલા તાલુકાના નાયબ કલેક્ટર શ્રી અને સાવરકુંડલા મામલતદારશ્રી મારફત ગુજરાત રાજયના મહામહિમ રાજયપાલ શ્રી ને મોકલવા જણાવવામાં આવેલ.

## ઇસનપુર વિસ્તારમાંથી એસઓજી દ્વારા લાખો રૂપિયાના એમડી ડ્રગ્સ સાથે એક મહિલા સહિત બે લોકોની ધરપકડ કરાઇ

### -:: જાહેર નોટીસ ::-

અમો - સુરેશકુમાર બી. તૈરૈયા એડવોકેટ - બાબરાના, તે અમારા અસીલ રૂષાંગભાઈ હરેશભાઈ શેઠ રહે. 'હરિદ્વાર', ન્યુ પપૈયા વાડી - ૩, એચ. જે. દોશી હોસ્પિટલ પાસે, ગોંડલ રોડ, મુ. રાજકોટ, જિ. રાજકોટની સુચના મુજબ હાલની જાહેર નોટીસ આપીને, લાગતાં - વળગતાં તથા તમામ જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,-

દિનેશભાઈ ગીગાભાઈ અકબરી રે.: થોરખાણ, તા.: બાબરા, જિ.: અમરેલીના કાયદેસરની માલિકી અને કબજા - ભોગવટાવાળી અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના રાણપર ગામે ખાતા નં.: ૪૧૯થી રે. સ. નં.: ૪૧૯ ( જૂનો રે. સ. નં.: ૫૮/ પૈકી ૧) (૦૦ હેકટર ૮૬ આરે ૫૯ ચો. મી.) તથા રે. સ. નં.: ૪૨૧ ( જૂનો રે. સ. નં.: ૫૮/ પૈકી ૧) (૦૦ હેકટર ૯૬ આરે ૨૩ ચો. મી.) એમ કુલ ૦૧ હેકટર ૮૨ આરે ૭૯ ચો. મી, વાળી ખેતીની જમીન આવેલી છે. સદર ખેતીની જમીન અમારા અસીલ - રૂષાંગભાઈ હરેશભાઈ શેઠ ખરીદ કરવા માંગે છે અને બાનાખતની રકમ સ્વિકારીને અમારા અસીલ -રૂષાંગભાઈ હરેશભાઈ શેઠની તરફેણમાં સદર દિનેશભાઈ ગીગાભાઈ અકબરીએ તા.: ૨૨/૦૭/૨૦૨૪ના રોજ રજીસ્ટર્ડ બાનાખત કરી આપેલ છે. સદર ખેતીની જમીનના ઉપર જણાવેલ માલિકી - દિનેશભાઈ ગીગાભાઈ અકબરીના જણાવ્યા મુજબ સદર રે. સ. નં.: ૪૧૯ તથા ૪૨૧વાળી ખેતીની જમીનમાં કોઈ ઈસમ-સંસ્થા - પેઢી - ટ્રસ્ટનો વારસાઈ કે અન્ય કોઈ રીતે હિત - હકકહિસ્સો કે લાગભાગ સમાયેલ નથી. સદર મિલકતમાં કોઈ ઈસમ - સંસ્થા - પેઢી - ટ્રસ્ટ, પોતાના કાયદેસરના માલિકી હકક, ટાઈટલ, ઈન્ટરેસ્ટ, કબજા બાબતે કોઈપણ પ્રકારે કાયદેસરના હકક - હિસ્સો - લાગભાગ ધરાવતાં હોય કે વારસાઈ હકક કે ભરણપોષણના હકક, કાયદેસરનું લેણું કે કરજ, બોજો, ગીરો હોય તેમજ કોઈપણ ઈસમ - સંસ્થાને વાંધા - તકરાર હોય, તો હાલની આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ - ૨૦માં, લેખિત આધાર પુરાવા સાથે અમો એડવોકેટશ્રીનો રૂબરૂ સંપર્ક કરવા જણાવવામાં આવે છે. નિયત સમયમર્યાદામાં, હકક-હિસ્સા-લાગભાગ કે કરજ - બોજ બાબતે લેખિત વાંધા - તકરાર રજૂ કરવામાં નહિં આવે, તો આવા હકક - હિસ્સા જતાં કરેલ છે, તેમ માની લઈને તો અમારા અસીલ સદર સ્થાવર મિલકત - બાબરા તાલુકાના રાણપર ગામે ખેડૂત ખાતા નં.: ૪૧૯વાળી રે. સ. નં.: ૪૧૯ તથા ૪૨૧વાળી ૧ ખેતીની જમીન તથા તે જમીનમાં આવેલ ઈમલા સહિત ખરીદ કરીને વેંચાણ વ્યવહાર પુર્ણ કરશે અને ત્યારપછી કોઈપણ ઈસમ કે સંસ્થાના હકક - હિસ્સા બાબતે વાંધા - તકકાર ચાલશે નહિં તેમજ અમારા અસીલને બંધનકર્તા રહેશે નહિં, જેની નોંધ લેવી.

તારીખ : ૩-૮-૨૦૨૪

(અસીલની સહી)

સુરેશકુમાર બી. તૈરૈયા
એડવોકેટ - બાબરા.


... ૫૩ વર્ષથી કાર્યરત ...
લાયસન્સ + નામ ટ્રાન્સફર + વિમો
નંબર પ્લેટ + PUC
સોનપાલ ઓટો એડવાઈઝર્સ
RTO એડવાઈઝર્સ
...એક જ સંસ્થામાં બધીજ સુવિધાઓ...
વિમો + લાયસન્સ નામ ટ્રાન્સફર + પાસીંગ
ગાંધી બાગ પાસે, જય કોમ્પ્લેક્ષ, અમરેલી ફોન નં. ૦૨૭૯૨-૨૨૩૧૧૦
નંબર પ્લેટ + PUC
પંચવટી કોમ્પ્લેક્ષ, માણેક સ્થંભની બાજુમાં, લાઠી રોડ, અમરેલી મો. ૯૫૧૦૧ ૩૬૫૫૫

સ્પે. કપલ ટુર - ફેમીલી ટુરનું સુંદર આયોજન
કાશ્મીર શ્રીનગર | સિમલા - કુલ્લુ - મનાલી ડેલહાઉસી - અમૃતસર | ગોવા - મહાબળેશ્વર લોનાવાલા - ઇમેજીકા
રોયલ રાજસ્થાન | દિલ્હી - અક્ષરધામ - હરિદ્વાર ગોકુલ - મથુરા - આગ્રા | બનારસ - અલ્હાબાદ નેપાળ - પોખરા
બેંગ્લોર - મૈસુર - ઉટી - કન્યાકુમારી ત્રિવેન્દ્રમ - રામેશ્વર - તીરૂપતિ | કલકતા - ગંગાસાગર જગન્નાથપુરી - ભુવનેશ્વર
કેરાલા | લેહ લદાખ | દાર્જીલીંગ
દુબઇ - થાઇલેન્ડ - બાલી - સિંગાપોર - મલેશિયા - ક્રુઝ
પાસપોર્ટ માર્ગદર્શન • રેલ્વે બુકિંગ • ફલાઇટ બુકિંગ • વિઝા
મિથ્સ હોલીડેઝ
બુકીંગ માટે સંપર્ક કરો... મો.૯૭૨૫૯ ૮૨૧૮૩
૭૫, ગ્રાઉન્ડ ફલોર, સરદાર કોમ્પલેક્ષ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી












AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૦૩-૦૮-૨૦૨૪ શનિવાર

# આ વખતની રાહુલ ગાંધીની નવી આવૃત્તિ જોઇને બધા અચંબિત કેમ થઇ ગયા છે..?

આપણા બંધારણમાં લોક પ્રતિનિધિઓને અમર્યાદિત સત્તાઓ આપવામાં આવી છે. સામાન્ય નાગરિકોએ જોયું હોય કે સંસદની અને વિધાનસભાની અંદર પ્રતિનિધિઓ ગમે તેવું વર્તન કરતા હોય છે તે એટલી હદ સુધી કે એમાં બિનસંસદીય ભાષાનો પણ થતો હોય છે. એટલું જ નહીં તોડફોડ અને વિવિધ પ્રકારના દેખાવો પણ એમાં આવી જાય છે.

આનું કારણ એ છે કે કોઈક વાર પ્રજાના અતિશય ગંભીર પ્રશ્ન પ્રત્યે શાસકો ઉપેક્ષા દાખવતા હોય ત્યારે તેની અંતિમ કક્ષાની રજૂઆત કરવા માટેની તક બંધારણે પ્રજાના પ્રતિનિધિઓને આપી છે અને માટે એ ખરેખર અપરાધ ગણાતા નથી. પરંતુ પારસપરિક વૈમનસ્ય માટે આ સગવડનો દુરુપયોગ કરવો તે પક્ષોના અને દેશના સંયુક્ત દુર્ભાગ્ય છે.

બહુ વરસો પછી કોંગ્રેસ જે બાબતે સભાન બની છે તે છે પ્રત્યાયન. એટલે કે કોમ્યુનિકેશન. કોંગ્રેસની છાવણીમાં હવે વિશિષ્ટ ભાષાશૈલી દ્વારા વિવિધ પુરાકલ્પનો, પ્રતીકો તથા અલંકારોના વિનિયોગથી પોતાનું એક અલગ પ્રભાવક્ષેત્ર કરવાની કોશિશ થતી દેખાય છે. કુન્તકનો વક્રોક્તિ વિચાર અને આનંદવર્ધનનો ધ્વનિ વિચાર પણ એમાં હવે સમાવિષ્ટ છે. આજકાલ રાહુલ ગાંધી વિપક્ષના વડા તરીકે જે રીતે શાસકો તરફ ચક્રવ્યૂહની રચના કરે છે તે ખરેખર નવી નવાઈની વાત છે.

અફસોસની વાત એ છે કે હજુ પણ આ નવી કેળવાયેલી સજ્જતા દ્વારા મુખ્ય મુદ્દાઓ હાંસિયામાં જતા રહે છે. તેમ છતાં આશ્વાસન આપનારી બાબત એ છે સંસદના વર્તમાન ચોમાસુ સત્રમાં ધમાલ અને બહિષ્કારને બદલે મુખ્ય સૂર શાસક પક્ષ અને વિપક્ષ વચ્ચેની ચર્ચાનો છે, પરંતુ એ પણ સાચું છે કે આ ચર્ચા હજુ વધુ સકારાત્મક થઈ શકે એમ છે.

ચર્ચા દરમિયાન પણ જે પ્રમાણમાં ઓછા ગંભીર છે તે પ્રમુખ મુદ્દાઓ બની રહ્યા છે. નાણાંપ્રધાન નિર્મલા સીતારામને રજૂ કરેલા બજેટ પર વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ગૃહમાં આપેલું લાંબુ ભાષણ ખૂબ ચર્ચામાં રહ્યું હતું. બજેટમાં કેટલીક સૂચિત જોગવાઈઓના વખાણ કરવાની તેમની પાસેથી કોઈએ અપેક્ષા નહોતી રાખી, પરંતુ તેમણે જે આકરી ટીકા કરી અને જે તેમણે રાજકીય અને બિનરાજકીય વ્યક્તિઓને ટીકાના ઘેરાવામાં લાવ્યાં, તે બધું શું જરૂરી હતું?

એ જ રીતે કોંગ્રેસ માટે જ્ઞાતિની વસ્તી ગણતરી મોટો મુદ્દો રહ્યો છે, પરંતુ બજેટ પરના ભાષણ દરમિયાન તેને આક્રમક રીતે ઉઠાવવાથી અને હલવા સમારોહ દ્વારા બજેટ બનાવનારા અધિકારીઓની જાતિનો પ્રશ્ન ઉઠાવવાથી ચૂંટણીમાં શું ફાયદો કે શું થઈ શકે છે? તે બજેટ પરની ચર્ચાની ગુણવત્તામાં વધારો કરે તેવું કહી શકાય નહીં.

ક્યાં એક ઉચ્ચ અર્થશાસ્ત્રીય આયોજનાત્મક રાષ્ટ્રીય દસ્તાવેજ અને ક્યાં હલવો ચાખવાનું હાજરી પત્રક. રાહુલ સાચા હોય કે ખોટા પણ હલવા સમારંભને જ્ઞાતિ-જાતિના ચશ્મા પહેરીને જોવાની શી જરૂર? દુખની વાત એ છે કે શાસક પક્ષ પણ કરીને ચર્ચાને કોઈ સ્વસ્થ દિશા આપી શક્યો નથી. બીજેપી નેતા અનુરાગ ઠાકુરે પોતાના ભાષણમાં કેટલીક સારી વાતો કહી, પરંતુ રાહુલ ગાંધી દ્વારા ઉઠાવવામાં આવેલા જાતિ ગણતરીના મુદ્દા પર તેમણે કહ્યું કે જે નેતા તેમની જાતિ જાણતા નથી તે જાતિની વસ્તી ગણતરી કરવાની વાત કરે છે તે ચર્ચાનું સ્તર વધારવા પૂરતું નથી.અનુરાગ ચર્ચાને વધુ નિમ્ન સ્તર સુધી લઈ જવામાં સફળ રહ્યા. દરમિયાન, વિપક્ષે બજેટમાં રાજ્યો પ્રત્યે કથિત પક્ષપાતનો મુદ્દો ઉઠાવ્યો, જેના પર નાણામંત્રી નિર્મલા સીતારામને ગંભીરતાથી પ્રતિક્રિયા આપી. બજેટ પર સંસદમાં ચર્ચાના સ્વસ્થ પાસાઓમાં ચોક્કસપણે એ વાત સાચી છે કે સંસદીય લોકશાહીમાં સંસદમાં થતી કોઈપણ ચર્ચાને ન તો બહાર ગણી શકાય અને ન તો એવી અપેક્ષા રાખી શકાય કે તેમાં કોઈ ચૂંટણીલક્ષી પાસું ન હોય.

તેમ છતાં, એ હકીકત છે કે દેશમાં હમણાં જ સામાન્ય ચૂંટણીઓ સંપન્ન થઈ છે અને તેના પરિણામે મળેલા જનાદેશનો ઉભય પક્ષ સદુપયોગ કરે તે જરૂરી છે. ચર્ચાઓ નિખાલસતા અને સ્પષ્ટતાથી થાય અને કેન્દ્રમાં પ્રજાનું હિત હોય ત્યાં સુધી લોકશાહી તંદુરસ્તી જળવાઈ રહે છે. ક્યારેક સંસદના બંને ગૃહોમાં અખાડાનું વાતાવરણ જોવા મળે છે. કમસેકમ રાજયસભામાં તો એક પણ વખત ધમાલ થવી જોઈએ નહીં, કારણ કે રાજયસભા તો દેશના પ્રબુદ્ધ પ્રતિનિધિઓની સભા છે, પરંતુ ત્યાં પણ આ રાજરોગ લાગુ પડી ગયો છે.

### મહિલાના છુટાછેડા અંગેનાં મનદુઃખમાં બઘડાટી બોલાઇ ગઇ

# અમરેલીમાં બે જુથ વચ્ચે ધોકા ઉડ્યાં : સામસામી ફરિયાદો

### અમરેલીનાં ટાવર નજીક બનેલી ઘટનાં : ધોકા, લાકડી, છરી વડે મારમારી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલ,(ક્રાઈમરિપોર્ટર) અમરેલી ટાવર પાસે હેવન પાનના ગલા નજીક અલ્તાફભાઈ રજાકભાઈ મેતર ઉ.વ.૫૦ના દિકરાના લગ્ન ઈમરાન ગફારભાઈ મેતરની ભાણકી સાથે થયેલ હતાં, અને દસેક મહિનાથી છુટાછેડા થયેલ હોય જે મનદુઃખ રાખી અલ્તાફભાઈ તથા સાદભાઈને ગાળો બોલી લાકડાના ધોકા વડે મારમારી અલ્તાફભાઈને ડાબા પગે ફેકચર કરી બન્નેને જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કર્યાની અમરેલી સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જયારે સામા પક્ષે ઈમરાનભાઈ ગફારભાઈ મેતર બપોરના દોઢ વાગ્યે ટાવર પાસે હેવન પાનના ગલા નજીક પહોંચેલ ત્યારે અલ્તાફ રજાકભાછઈ મેતર, સાદ, જરીર મેતર આવેલ અને કહેલ કે તમે તમારી ભાણકીને ચડામણી કરી અને મારા દિકરા અમાર તથા પરિવાર ઉપર કેમ કેસ કરેલ છે. તેનું મનદુઃખ રાખી ગાળો બોલી અલ્તાફે લાકડી વડે ઈમરાનભાઈને જમણા પગમાં અને શરીરે મારમારી મુંઢ ઈજા કરી સાદએ નેફામાંથી છરી કાઢી મારવા જતાં ઈમરાનભાઈએ તેનો હાથ પકડી લેતા આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની અમરેલી સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### ખેતરમાં ભેંસો કેમ ચલાવો છો તે કહી

## જાફરાબાદના વડલીમાં યુવાન ઉપર હુમલો

### બે મહિલા સહિત ત્રણે મારમારી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલ,(ક્રાઈમરિપોર્ટર) જાફરાબાદ તાલુકાના વડલી ગામે રહેતાં રાવતભાઈ દોલુભાઈ વાળા ઉ.વ.૩૭ને કનુ દોલુભાઈ વાળાએ કહેલ કે તમે મારા ખેતરમાં ભેંસો કેમ ચલાવો છો. હવે મારા ખેતરમાં ભેંસો ચલાવતાં નહી તેવું કહી ઉશ્કેરાઇ ગાળો બોલી રાવતભાઈને જમણા ખંભાના ભાગે ધારીયાનો ઉંધો ઘા મારી તેજલબને કનુભાઈ વાળાએ ડાબા હાથે દાતરડુ મારી કશુબેન દોલુભાઈ વાળાએ ડાબા હાથે લાકડી વડે મારમારી ધમકી આપી એકબીજાએ મદદગારી કર્યાની નાગેશ્રી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## અમદાવાદ તથા ગોપાલગ્રામમાં પરિણીતાને ત્રાસ અપાયો

### પતિ, સાસુ તથા નણંદે મારમારી ત્રાસ આપી ધમકી આપ્યાાની ફરિયાદ

અમરેલ,(ક્રાઈમરિપોર્ટર) અમદાવાદ તથા ગોપાલગ્રામમાં હાલ અમરેલી પિયરમાં રહેતી મિતલબેન મેહુલભાઈ ચોટલીયા ઉ.વ.૩૨ને તેના પતિ મેહુલ હરિભાઈ ચોટલીયા, સાસુ વજીબેન હરીભાઈ ચોટલીયા રહે. ગોપાલગ્રામ હાલ અમદાવાદ તેમજ નણંદ જયોત્સાબેન સંજયભાઈ ચૌહાણ રહે શોભા વડલા જી. જુનાગઢ વાળાએ અવાર નવાર મેણા મારી દુઃખત્રાસ આપી ફરિયાદીને તેના પતિએ અમદાવાદમાં તે મારા પૈસા લઈ લીધેલ છે તેમ કહીં ગાળો બોલી મુંઢ મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપી નણંદે પતિને ચડામણી કરી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની અમરેલી મહિલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## ખાંભા નજીક ધાતરવડીનાં પુલ પાસે જુગાર રમતાં ૭ શકુનીઓ ઝડપાયા

### રોકડ અને મોબાઇલ મળી રૂા. ૮૦ હજાર ઉપરાંતનો મુદામાલ કબ્જે

અમરેલ,(ક્રાઇમ રિપોર્ટર)ખાભા ધાતરવડીપુલપાસે જાહેરમાં હારજીતનો જુગાર રમતાં યુનુસ મહમદભાઈ સુમરા, અલ્તાફ સુલેમાનભાઈ દલ, મેહુલ જીતુભાઈ સોલંકી, અંજુમ સતારભાઈ પરમાર, હનિફ હાજીભાઈ સેતા, સબીર અલ્લારખભાઈ જોખીયા, ઈમરાન સતારભાઈ પરમારને પો.કોન્સ. વિરેનભાઈ ગડથલીયાએ રોકડ રૂા. ૩૩,૬૭૦ તથા પાંચ મોબાઈલ રૂા.૪૬,૪૦૦ મળી કુલ રૂા. ૮૦,૦૭૦ના મુદામાલ સાથે રેઈડ દરમિયાન ઝડપી પાડયા હતાં.

## બગસરાના માણેકવાડામાં બિમારીથી વૃધ્ધાનું મોત થયું

### મૃતકના બત્રીજાએ બિમારીથી મોત નિપજયાનું જાહેર કર્યુ

અમરેલ,(ક્રાઈમરિપોર્ટર) બગસરા તાલુકાના માણેકવાડા ગામે રહેતાં જયાબેન પોપટભાઈ કવા ઉ.વ.૭૦ મોટી ઉંમરના અને શરીરમાં ઘણી બધી બિમારીઓથી પિડાતા હોય અને શરીરે સોજા ચડી જવાની બિમારીના કારણે મોત નિપજયાનું ભત્રીજા જયંતિભાઈ કેશુભાઈ કવાએ બગસરા પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

## અમરેલી કોર્ટના પાર્કિંગમાંથી બાઇક ચોરાયું

### કોર્ટ મુદતે આવેલ શખ્સે બાઇક ચોરાયાની ફરિયાદ નોંધાવી

અમરેલ,(ક્રાઈમરિપોર્ટર) અમરેલી કોર્ટના પાર્કિંગમાં રાખેલ હિરો સ્પ્લેન્ડર પ્લસ જી જે ૦૧ પીજે ૨૮૫૩ રૂા. ૨૫૦૦૦ની કિંમતનું તા. ૨૫-૭ના ગાવડકા ગામના ચંદુભાઈ બાબુભાઈ કંબોયા અમરેલી કોર્ટ મુદતે આવેલ તે દરમિયાન કોઈ અજાણ્યો શખ્સ બાઈક ચોરી ગયાની અમરેલી સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## ૧૩ ભેંસોને કતલખાને મુકવા જતા ટ્રકનો પીછો કરી પકડતા વંડાનાં જીવદયાપ્રેમી

### ભેંસોને ગૌશાળામાં રખાવી ટ્રક ચાલક સામે ફરિયાદ

અમરેલ,(ક્રાઈમરિપોર્ટર) વંડામાં જીવ દયા પ્રેમી જીજ્ઞેશભાઈ ભોળાભાઈ બાંભણીયાએ છેલ્લા એકાદ માસથી કોઈ અજણ્યા ટ્રકમાં મુંગા ઢોરની હેરાફેરી કરી કતલખાને લઈ જાય છે તેવી માહિતી મળતાં ટ્રકની શોધખોળ કરતાં હોય તે દરમિયાન તા. ૩૧-૭ના મોડી રાત્રીના ટ્રક જી જે ૩૮ ટી ૫૦૨૯ તાલપત્રી બાંધેલ વંડાથી પસાર થતાં જીજ્ઞેશભાઈ તથા જીવદયા પ્રેમીઓ શક પડતાં ટ્રકનો પીછો કરી લુવારા તા. ગારીયાધાર ખાતેથી પકડી પાડી તલાસી લેતા ૧૩ ભેસને ટુકા દોરડા વડે બાંધી ખીચોખીચ ભરેલ હોય અને ઘાસ ચારા તથા પીવાના પાણીની વ્યવસ્થા કરેલ ન હોય આ ટ્રક ભેંસો સાથે પકડી ભેંસોને વંડા ગૌશાળામાં જમા કરાવી ટ્રકને વંડા પોલીસ સ્ટેશનમાં રખાવી વંડા પોલીસ મથકમાં ફરિયાદ કરેલ અને ટ્રકમાં ભરેલ ભેંસો અંગે યોગ્ય તપાસ કરી કસુર જણાઈ આવ્યે કતલખાને ભેંસોને મોકલનાર માલિક તથા ટ્રક માલિક અને ટ્રક ચાલક તેમજ આ પ્રવૃતિમાં સંડોવાયેલ તમામ વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા જણાવેલ છે.

# કોલડામાં રહેણાંક મકાન તથા કોલવા ભગતના મંદિરમાં તસ્કરો ત્રાટકયા

### મકાનમાંથી રોકડ, ચાંદીના રાણીસિક્કા તથા મંદિરમાંથી ચાંદીના દાગીના મળી રૂા. ૧ લાખ ઉપરાંતની ચોરી

અમરેલ,(ક્રાઇમ રિપોર્ટર)વડીયાના કોલડા ગામે રહેતાં રમેશભાઈ હરિભાઈ જોષીના રહેણાંક મકાનનું તાળુ બંધ દરવાજાનો નકુચો તોડી રૂમમાં નકુચો તથા તાળુ તોડી રૂમમાં રાખેલ કબાટનો લોક તોડી કબાટમાં એલ્યુમિનિયમના ડબ્બામાં રાખેલ રોકડ રૂા. ૧,૦૦,૦૦૦ તથા જુના ચાંદીના રાણી સિક્કા ૨૧ નંગ રૂા.૨૧૦૦ મળી કુલ રૂા. ૧,૦૨,૧૦૦ની ચોરી કરી ફરિયાદીના રહેણાંક મકાનની શેરીમાં આવેલ કોલવા ભગતના મંદિરમાં ગેર કાયદેસર પ્રવેશ કરી મંદિરના ગર્ભ ગૃહના મુખ્ય દરવાજાનો નકુચો તોડી અંદર પ્રવેશી કોલવા ભગતની મુર્તિ ઉપર ચાંદીના બેછતર રૂા. ૮૦૦ તથા ચાંદીનો મુગટ જેના વજનની ખરાઈ થયેલ ન હોય અને આશરે રૂા. ૧૦૦ તથા મુર્તિ પર ચડાવેલ ચાંદીનો હાર જેનો વજન ખરાઈ થયેલ ન હોય આશરે રૂા. ૨૦૦ સહિત કુલ રૂા. ૧,૦૩,૨૦૦ના મુદામાલની ચોરી કરી તેમજ પ્લોટ વિસ્તારમાં રહેતાં અરજણભાઈ મોહનભાઈ સોરઠીયાના બંધ મકાનના ડેલાના દરવાજાનું તાળુ તોડી ચોરી કરવાની કોશિષ કરી ગુનો કર્યાની વડીયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### શા. માણેકચંદ મુલચંદ સા. ટ્રસ્ટ આંખની હોસ્પિટલ ખાતે

## જેસીઝ ગૃપ બગસરા દ્વારા વિનામુલ્યે નેત્રનિદાન કેમ્પ યોજાશે

### ઓપરેશનની જરૂરીયાતવાળા દર્દીઓને વિનામુલ્યે પરેશન કરી નેત્રમણી બેસાડી દેવામા આવશે

બગસરા,(રૂપેશ રૂપારેલિયા) જેસિઝગ્રુપ બગસરા સંચાલિત શા. માણેકચંદ મુલચંદ સા. ટ્રસ્ટ આંખની હોસ્પિટલ ખાતે તા. ૯-૮-૨૦૨૪ને શુક્રવારના રોજ ગૌ .વા. રામજીભાઈ જેસીંગભાઈ ડાભીના સ્મરણાર્થે હા.વિજયાબેન રામજીભાઈ ડાભીના સૌજન્યથી ૬૦૧ મો વિનામુલ્યે નેત્રનિદાન કેમ્પ શ્રીરણછોડદાસજી બાપુ ચેરિટેબલ ટ્રસ્ટ રાજકોટના સહકારથી રાખવામા આવેલ છે. આ કેમ્પમા મોતિયાના ઓપરેશનની જરૂરીયાત વાળા દર્દીઓને વિનામુલ્યે પરેશન કરી નેત્રમણી બેસાડી દેવામા આવશે.પરેશન માટે જનાર તમામ દર્દીઓની જમવાની વ્યવસ્થા કાયમી દાતા બગસરાના વતની સુરેશભાઈ રાયઠઠ્ઠા પરિવાર મુંબઈના સહયોગથી કરવામા આવશે. કેમ્પમા ભાગ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાના આધારકાર્ડની નકલ સાથે રાખી કેમ્પના દિવસે તા.૯-૮-૨૪ને શુક્રવારના રોજ સવારે ૯ કલાકે હાજર રહેવા પ્રમુખ પ્રકાશભાઈ રાણીગાની યાદીમા જણાવેલ છે.

## ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા ૩.૮.૨૦૨૪ શનિવાર ,સંવંત ૨૦૮૦ અષાઢ વદ ચતુર્દશી, પુનર્વસુ નક્ષત્ર , વજ્ર યોગ, ચતુષ્પદ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ કર્ક (ડ,હ) રહેશે.

મેષ (અ,લ,ઈ) : પ્રોપર્ટી અંગે યોગ્ય નિર્ણય લઇ શકો, જમીન મકાન વાહન સુખ સારું રહે,દિવસ પ્રગતિકારક રહે.
વૃષભ (બ,વ,ઉ) : નવા કાર્યમાં આગળ વધી શકો , સાહસ થી સિદ્ધિ પ્રાપ્ત થાય,આગળ વધવાની તક મળે.
મિથુન (ક,છ,ઘ) : ભાગીદારી માં કાળજી રાખવી પડે , આર્થિક બાબતોમાં મધ્યમ રહે,અન્ય બાબતો માં સારું રહે.
કર્ક (ડ,હ) : તમારા ખુદ માટે સમય કાઢી શકો, તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય,યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.
સિંહ (મ,ટ) : કેટલાક એવા બનાવ બને કે દિવસ દરમિયાન માનસિક વ્યગ્રતા અને ઉશ્કેરાટ રહે,સાંજ ખુશનુમા વીતે.
કન્યા (પ ,ઠ ,ણ) : ગણતરી વિનાના સાહસ ના કરવા સલાહ છે આવક કરતા જાવક વધી ના જાય તે જોવું,હિસાબ રાખવો.
તુલા (ર,ત) અગાઉ ના સમયમાં તમે કરેલા કાર્યના સારા પરિણામ આજે મેળવી શકો, કર્મના સિદ્ધાંત ને સમજી શકો , શુભ દિન.
વૃશ્ચિક (ન ,ય) : ઈષ્ટદેવની આરાધના થી લાભ થાય, ધ્યાન યોગ મૌન થી લાભ થાય,આધ્યાત્મિક ચિંતન થાય.
ધન (ધ,ભ,ફ,ઢ ): દિવસ દરમિયાન દોડધામ રહે , સાંજ પછી નસીબ સાથ આપતું જણાય,અંગત મિત્રો સાથે મતભેદ દૂર કરીશકો.
મકર (ખ,જ) : જાહેરજીવનમાં ધ્યાન આપી શકો, આંતરિક સંબંધોમાં સારું રહે,મનની વાત વ્યક્ત કરી શકો.
કુંભ (ગ ,સ,શ) :હિત શત્રુઓ થી સાવધ રહેવું,વધુ પડતા વિશ્વાસે ના ચાલવું, વ્યક્તિગત દેખરેખ થી કામ કરવું.
મીન (દ,ચ,ઝ,થ): પ્રણય માર્ગે આગળ વધી શકો,ગમતી વ્યક્તિ થી વાતચીત થાય, મનની વાત વ્યક્ત કરી શકો.

### પૂજ્ય ભગવતપ્રસાદદાસજીએ આશિર્વાદ પાઠવ્યા

## ધારીની જીએન દામાણી હાઇસ્કૂલમાં સોફટબોલ સ્પર્ધાનું આયોજન

### સાવરકુંડલા ભાઇઓની ટીમે જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવ્યું



સાવરકુંડલા,(સૌરભ દોશી) જિલ્લા કક્ષા અખિલ ભારતીય (SGFi )શાળાકીય અંડર -૧૭ સોફટબોલ ભાઈઓ સ્પર્ધા નું આયોજન જી. એન દામાણી હાઈસ્કૂલ ધારી મુકામે થયું હતું તેમાં શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ ઈંગ્લીશ મીડીયમ હાઈસ્કુલ સાવરકુંડલા ભાઈઓની ટીમે અમરેલી જિલ્લામાં પ્રથમ સ્થાન મળ્યું છે તે બદલ સંસ્થાના વડા પૂજ્ય ભગવત પ્રસાદદાસજી સ્વામીજી તેમજ પ્રમુખ પરમ પૂજ્ય હરિપ્રસાદ શાસ્ત્રી સ્વામીજી પરમ પૂજ્ય કોઠારી સ્વામી અક્ષર મુક્ત સ્વામી તેમજ શાળાના પ્રિન્સિપાલ વૈશાલીબેન પટેલ ખેલાડીઓ મિત્રો શાળા ના ઉત્સાહી પીટી શિક્ષક દીપકભાઈ વાળાને અભિનંદન પાઠવ્યા હતા.

## સાવરકુંડલામાં મોબાઇલ ચોરાયો

અમરેલ,(ક્રાઈમરિપોર્ટર) સાવરકુંડલા નાવલી ચોકી પાસે આવેલ શ્યામ મેડિકલ સ્ટોરના કાચના કાઉન્ટર પર રાખેલ સેમસંગ કંપનીનો સીમ સાથેનો મોબાઈલ રૂા.૧૮,૦૦૦ની કિંમતનો ભુલી જતાં કોઈ ચોરી ગયાની ઓધવજીભાઈ હરિભાઈ પટેલે સાવરકુંડલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## બાબરા ખાતે રહેતી મહિલાને ભરણ પોષણ ન આપી અન્યાય થયાની રાવ

### અમરેલી કલેકટરને ભરણ પોષણ તેમજ મકાનમાં ભાગ આપવા પ્રશ્ને રજુઆત

અમરેલી,બાબરા ધારપરામાં રહેતી મહિલા ગુલાબબેન રાજેન્દ્રભાઈ બસીયાના જણાવ્યા અનુસાર ખેતીની જમીન નોંધ નં.૯૨૯૨ તથા તા. ૨૪-૧૧-૨૦૨૩ના હકક કમીનું કારણ એવું છે કે છેલ્લા ૧૭ વર્ષથી હું અલગ રહું છું અને મને ભાડા માલિક મકાન ખાલી કરવાનું કહે છે જેથી મારા સસરાનું મકાન બાબરામાં આવેલ તેમાં મને બેક રૂમ ખાલી કરી આપે જેથી હું રહી શકુ અને મને ભરણ પોષણ છેલ્લા ૧૦ માસ સુધી આપેલ અને કોર્ટમાંથી હુકમ થયેલ કે તમારી જમીન મિલ્કત વેચાણ કરી ભરણ પોષણ ભરપાઈ કરો પરંતુ તેમના કુટુંબીજનો દ્વારા જમીનમાંથી તેમનું નામ નોંધ નં.૯૨૯૨ તા. ૨૪-૧૧-૨૩ના કમી કરી નાખેલ હોય અને નામ કમી કર્યા બાદ મને ભરણ પોષણની રકમ પણ આપેલ નથી. અને હું કોઈ વકીલ રાખી શકુ તેવી મારી હાલત નથી જેથી આ અંગે યોગ્ય કાર્યવાહી કરવા અને યોગ્ય ન્યાય આપવવા માટે મહિલાએ અમરેલી કલેકટર કચેરીમાં રજુઆત કરેલ છે.

## સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

### કપાસ ૯૩૧ થી ૧૫૬૪ મગફળી ૧૦૨૬ થી ૧૨૪૦

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૧૧૭૦-૧૧૭૮
શિંગમોટી-૧૦૨૬-૧૨૪૦
મગ-૧૨૮૫-૧૬૨૫
તલસફેદ-૧૭૦૦-૨૭૨૮
તલકાળા-૩૦૦૦-૩૪૯૦
એરંડા-૯૨૫-૧૧૪૮
ઘઉંટુકડા-૪૪૦-૫૯૨
ઘઉંલોકવન-૪૭૨-૫૬૭
બાજરો-૪૬૫-૪૮૮
ચણા-૧૨૬૮-૧૩૩૮
કપાસ-૯૩૧-૧૫૬૪
જુવાર-૪૫૦-૭૫૪
જીરૂ-૪૪૦૦-૪૯૨૦
ધાણા-૯૮૦-૧૩૪૫
સોયાબીન-૭૪૮-૮૧૯
અજમા-૧૧૫૦-૨૫૫૦
રજકાનુંબી-૪૭૦૦-૫૩૦૦

**અમરેલી માર્કેટયાર્ડ**
બટેટા-૩૦૦-૪૮૦
રીંગણા-૪૦૦-૫૦૦
ફલાવર-૯૦૦-૧૦૦૦
કોબીઝ-૫૦૦-૬૦૦
ટમેટાં-૫૦૦-૮૦૦
ફોદીનો-૮૦૦-૧૦૦૦
ગાજર-૪૩૦-૫૨૦
ગલકા-૫૦૦-૬૦૦
કાકડી-૨૫૦-૩૫૦
ગુવાર-૧૪૫૦-૧૯૦૦
દુધી-૨૫૦-૩૦૦
તુરીયા-૭૦૦-૮૦૦
ભીડો-૭૫૦-૮૨૦
આદુ-૧૨૦૦-૧૩૫૦
કોથમીર-૮૦૦-૯૦૦
મેથીભાજી-૫૫૦-૬૩૦
ટીંડોરા-૪૫૦-૫૫૦
લીમડોમીઠો-૯૦-૧૧૦
મરચાલીલા-૪૦૦-૫૫૦
લસણસુકું-૨૦૦૦-૪૦૦૦
લીંબુ-૬૦૦-૮૦૦
પાલક-૬૦૦-૭૦૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૭૭-૫૧૯
જુવાર-૭૩૬-૭૯૫
ઘઉં-૪૭૬-૫૩૫
શીંગદાણા-૧૫૬૧-૧૫૬૧
ચણા-૧૦૦૧-૧૩૦૦
તલસફેદ-૨૩૭૫-૨૪૬૦
મગ-૧૪૧૪-૧૪૧૪
તલપીળા-૩૩૦૦-૩૩૦૦
કપાસ-૧૩૬૦-૧૫૧૧
તુવેર-
સોયાબીન-

**મહુવાયાર્ડ**
ઘઉં-૪૪૨-૬૧૯
ડુંગળીલાલ-૧૪૮-૫૫૦
મગ-૧૨૨૨-૧૨૨૨
તલસફેદ-૧૨૫૦-૨૫૦૬
મેથી-૭૦૦-૮૩૮
સોયાબીન-૮૨૨-૮૪૫
ચણા-૪૦૧-૧૩૦૮
નાળીયેર-૩૯૦-૧૭૧૦
તુવેર-૧૬૩૦-૧૭૪૫
બાજરી-૩૮૦-૫૨૫
જુવાર-૪૦૦-૯૦૭

**બાબરા**
કપાસ-૧૩૪૦-૧૫૫૨
ઘઉં-૪૫૦-૫૦૧
તલસફેદ-
જીરૂ-૪૫૦૦-૪૭૦૦
મગફળી-૧૦૫૦-૧૨૨૫
બાજરો-

**ધારી**
કપાસ-
ચણા-
જીરૂ-
મગફળી-
તલ-
મગ-
શીંગફાડા-
શીંગદાણા-
ઘઉં-
સોયાબીન-

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૧૧૫૦-૧૨૨૦
શીંગદાણા-૧૫૦૦
જીરૂ-૪૦૦૦-૪૬૫૦
તલસફેદ-૨૨૦૦-૨૫૧૨
કપાસ-૮૫૦-૧૨૭૨
ઘઉંલોકવન-૫૨૫-૫૫૮
મગ-૧૪૫૧-૧૪૯૨
ઘઉંટુકડા-૫૪૬-૫૬૨
ચણા-૧૨૭૦-૧૩૫૪
એરંડી-૧૦૦૦-૧૧૫૧
જુવાર-૪૫૬
બાજરો-૪૩૧-૫૩૦
ધાણા-૧૨૬૦

**ખાંભા**
કપાસ-૧૪૬૬-૧૪૬૬
જુવારસફેદ-
અડદ-૧૩૮૫-૧૩૮૫
તલસફેદ-
ઘઉં-
શીંગદાણા-
સોયાબીન-
જીરૂ-

**બગસરા**
જુવાર-૭૪૦-૭૪૦
કપાસ-૧૧૦૦-૧૪૬૫
ચણા-૧૧૨૦-૧૨૩૫
રાય-૧૧૦૦-૧૧૦૦
શીંગદાણા-૧૩૨૦-૧૪૫૦
ઘઉંટુકડા-૪૫૬-૫૩૦
ઘઉંલોકવન-૪૭૦-૫૩૦
ધાણા-૧૧૮૦-૧૩૦૦
તલસફેદ-૨૩૬૫-૨૩૬૫
મગફળી-
સોયાબીન-૭૯૩-૮૦૬
મેથી

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૧૦૦૦-૧૪૦૦
દાડમ-૫૦૦-૨૨૦૦
મુસંબી-૭૦૦-૧૦૦૦
સંતરા-૧૪૦૦-૨૦૦૦
કીવી-૪૫૦૦-૬૦૦૦
ડ્રેગન ફ્રુટ-૧૬૦૦-૨૨૦૦
અનાનસ-૧૩૦૦-૧૬૫૦
ખારેક-૪૦૦-૯૦૦
કેળા-૨૮૦-૩૯૦
પોપૈયા-૬૦૦-૯૦૦
સફરજન હિમાચલ-
સ.કાશ્મીર-૨૬૦૦-૩૮૦૦

### અમરેલી આજનું તાપમાન

મહ ામ તાપમાન ૩૧.૬
ન્યુનતમ તાપમાન ૨૬.૨
ભેજનું પ્રમાણ ૮૪
પવનની ગતિ સરેરાશ ૧૦.૬

## રાજીવ ગાંધીની જન્મ જયંતિએ દરેક જિલ્લામાં યુવક કોંગ્રેસ કાર્યક્રમો યોજશે

# અમદાવાદ ખાતે યુવક કોંગ્રેસની પ્રથમ કારોબારી મળી

### રાજીવ ગાંધી ભવન ખાતે કારોબારીમાં અમરેલી જિલ્લા યુવક કોંગ્રેસના પ્રમુખ સંદિપ ધાનાણી અને ટીમની ઉપસ્થિતિ



અમરેલી,

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય રાજીવગાંધીભવન અમદાવાદ ખાતે ૨૦૨૪ લોકસભા ચૂંટણી બાદ ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસ પ્રથમ કારોબારીમાં અમરેલી જિલ્લા યુવક કોંગ્રેસ નવનિયુક્ત પ્રમુખ સંદીપ ધાનાણિ તેજસ મસરાણી જયરાજભાઈ ખુમાણ પ્રહલાદ સોલંકી એ વિસ્તૃત કારોબારી માં હાજર રહ્યા. જેમાં ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસ નવનિયુક્ત પ્રભારી શશીસિંગ અને ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસ પ્રમુખ હરપાલસિંહ ચુડાસમા પ્રદેશ ઉપ પ્રમુખ મહામંત્રીઓ મંત્રીઓ જિલ્લા પ્રમુખો વિધાનસભા પ્રમુખો હાજર રહ્યા આ કાર્યક્રમમાં ગુજરાત યુવક કોંગ્રેસ ના નવનિયુક્ત પ્રભારી ને અભિનંદન આપ્યા તેમજ ૯ ઓગસ્ટ ૨૦૨૪ યુવક કોંગ્રેસ સ્થાપના દિવસ ૧૫ ઓગસ્ટ ૨૦૨૪ સ્વાતંત્ર દિવસ ૨૦ ઓગસ્ટ ૨૦૨૪ રાજીવગાંધી જન્મજયંતિ નિમિતે ગુજરાત ના તમામ જિલ્લા માં કાર્યક્રમ કરવામાં આવે તે પ્રકારે કારોબારી માં નિર્ણય કરવામાં આવેલ છે આ નિર્ણય ને તમામ જિલ્લા મથકે સુંદર કાર્યક્રમ થાય તે મુજબ નું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## સમગ્ર ગુજરાત સંક્ષિપ્ત

### રાજકોટની જીલ બોઘરા અન્ડર-૧૪ ફુટબોલમાં રાષ્ટ્રીય લેવલે ભાગ લેશે



રાજકોટ,રાજકોટની જાણીતી એડવર્ટાઈઝીંગ અને પ્રમોશન કંપની લાકવીલા પ્રમોશન્સ એલ.એલ.પી.ના કૃણાલભાઈ બોઘરાની પુત્રી જીલ બોઘરા કેન્દ્રીય વિધાલય રાજકોટવતી રાષ્ટ્રીય લેવલે ફુટબોલ રમવા જશે. જીલ બોઘરા અન્ડર -૧૪ મહિલા ફુટબોલ ટીમમાં સીલેકશન થયું છે. અને આગામી ઓગસ્ટ અને સપ્ટેમ્બર મહિનામાં રાષ્ટ્રીય લેવલે યોજનાર કેન્દ્રિય વિધાલય સંગઠન નેશનલ ઈવેન્ટ ૨૦૨૪-૨૫ યોજાશે. આ નેશનલ મીટ દેહરાદુન, લખનૌ, દિલ્હી, ચેન્નઈ વગેરે સ્થળોએ યોજાશે. આ તકે કેન્દ્રિય વિધાલય રાજકોટને પણ ગૌરવ મળ્યું છે. આ તકે કોચ અને શિક્ષકની બંને ભુમિકામાં એ.એન. તનવર પણ મહત્વની ભુમિકા ભજવી સ્કુલ અને રાજકોટનું ગૌરવ વધાર્યુ છે.આ સાથે ધ્રૃવિ રાઠોડ ,ભવ્ય ભુંભારીયા , હેમાંક્ષી ભરાડીયા, કાવ્યા હેરમા, મૌસમ વોરા, ઉર્વશી,શ્રધ્ધા સરવૈયા, દ્રષ્ટિપાલ,જીનીલા કુરીયા, અનુગ્યા ઠાકોર, આયેશા અગોલા, ક્રિશા દોશી, આત્રૠષિ પટેલ દિવ્યાંશી યાદવ અને તનીષ્કાબા ઝાલા પણ જશે. જીલ બોઘરાની પસંદગી થતા પિતા કૃણાલ બોઘરાને મો. ૯૭૨૭૭ ૦૦૫૫૨ ઉપર શુભેચ્છા મળી રહી છે.

## ભારતીય પરંપરામાં સનાતન ધર્મમાં મંદિરોનું અનેરૂ માધ્યમ

# બગસરાના ડમરાળામાં શ્રીકટાસરા હનુમાનજી મંદિરે ત્રી-દિવસીય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

### તા. ૭ થી ૯ સુધી ભવ્ય આયોજન : આચાર્યપદે શ્રી જયેશભાઇ શાસ્ત્રી ઘંટીયાણવાળા સંપુર્ણ વૈદિક પધ્ધતિથી પુજન કરાવશે

બગસરા, (રૂપેશ રૂપારેલીયા)

ભારતીય પરંપરામાં સનાતન ધર્મમાં મંદિરોનું અનેરું માધ્યમછે ત્યારે બગસરા તાલુકાના ડમરાળાઅનેપીપરિયારોડ ઉપર આવેલ શ્રીકટાસરાહનુમાનજી દાદાના મંદિરના ધામમાં શ્રીકટાસરાહનુમાનજી મહારાજ તથા શિવપંચાયત ૐ બીલેશ્વર મહાદેવ તેમજ શ્રી ખોડીયાર માતાજીની ભવ્ય દિવ્ય નવય મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન તા ૭/૮થી તા ૯/૮/૨૦૨૪સુધીનું આયોજન કરવામાં આવેલછે આ મહોત્સવમાં યજ્ઞમાં ભોજન પ્રસાદના યજમાન ગં.સ્વ. શાંતાબેન વલ્લભભાઈ વાગડીયા ચંદુભાઈ(માઈકલ) વલ્લભભાઈ વાગડીયા હિમતભાઈ વલ્લભભાઈ વાગડીયાપરિવાર ભોજનપ્રસાદની સેવા આપશે તેમજ આ મહોત્સવના પાવનકારી પ્રસંગો ધામધૂમથી ઉજવવામાં આવશે.

આ યજ્ઞમાં આચાર્ય શ્રીજયેશભાઈ મુકુંદભાઈ શાસ્ત્રી ઘંટીયાણ વાળા શાસ્ત્રોક્ત વૈધિક વિધિ વિધાનથી પૂજન કરાવશે તો આ ત્રી દિવસીય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમા બગસરા તેમજ તાલુકાના ધર્મપ્રેમી જનતા મોટી સંખ્યામાં લાભ લેતેમ નિમંત્રક તરીકે શ્રીકટાસરાહનુમાનજી સતસંગ પરિવાર દ્વારા જણાવેલછે

## અમરેલી જિલ્લાના જાફરાબાદ બંદરના

# ગુજરાત મેરીટાઇમ બોર્ડના મદદનીશ અધિકારીને વય મર્યાદા પૂર્ણ થતા વિદાયમાન આપવામાં આવ્યું

### જાફરાબાદ વહીવટી સંકુલના પટાંગણમાં ભવ્ય વિદાય સમારંભમાં વિવિધ અધિકારીઓની ઉપસ્થિતી



જાફરાબાદ,(રસુલખાન પઠાણ)

ગુજરાત મેરીટાઈમ બોર્ડ ,જાફરાબાદ બંદરે મદદનીશ બંદર અધિકારી તરીકે ફરજ બજાવતા શ્રી વી.એફ. ચૌધરી સાહેબનો વયનિવૃતિ સબબ વિદાય સમારંભ જાફરાબાદ વહિવટી સંકુલનાં પટાંગણમાંતા. ૩૧/૦૭/૨૦૨૪નાંરોજ યોજાયેલ. આ પ્રસંગે શ્રી કુલદીપ સિંઘ-બંદર અધિકારી, શ્રી અજય જીંજાળા-ના.કા.ઈ.(બાં), ઈસરાણી સાહેબ-પોલિસ ઈસ્પેક્ટર મરીન પોલીસ સ્ટેશન, ભાચકન સર-પોલીસ ઈસ્પેક્ટર (શહેર) તથા પોર્ટ યુઝર્સ અને અન્ય બંદરેથી અધિકરી/ કર્મચારી પધારી ચૌધરીસરને શુભેચ્છા પાઠવેલ. આ કાર્યક્રમ નું સંચાલન બંદર કચેરી જાફરાબાદના કર્મચારીઓએ કરેલ.

### જૂનાગઢ જિલ્લામાં ફરજ બજાવતા ચાર પોલીસ સબ ઇન્સ્પેક્ટરોને પોલીસ ઇન્સ્પેક્ટર તરીકે બઢતી

જુનાગઢ,જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર શ્રી સી.વાય.બારોટ માણાવદર પો.સ્ટે., શ્રી બી.કે.ચાવડા પોલીસ સબ ઈન્સ્પેકટર રીડર ટુ એસ.પી., શ્રી જે.ઝેડ વસાવા પોલીસ સબ ઈન્સ્પેકટર લીવ રિઝર્વ તથા શ્રી જે.ડી.દેસાઇ પોલીસ સબ ઈન્સ્પેકટર જૂનાગઢ તાલુકા પો.સ્ટે. નાઓને પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિક્ષક શ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર નાઓ દ્વારા ગઈકાલ તા.૦૧/૦૮/૨૦૨૪નાં રોજ પોલીસ ઈન્સ્પેકરટ તરીકે બઢતી આપવામાં આવતા પોલીસ અધિક્ષક શ્રી જૂનાગઢ દ્વારા ઉપરોકત તમામ પોલીસ સબ ઈન્સ્પેકટરોને સોલ્ડર બેઝ કાર્યક્રમ યોજી દરેક પોલીસ અધિકારીશ્રીઓને અભિનંદન પાઠવેલ.

### શકિતપીઠ અંબાજીમાં મંદિર પર ધજા ચઢાવવા માટે ટ્રસ્ટ દ્વારા નવા કાયદા, નિયમો બનાવવામાં આવ્યા

બનાસકાંઠા,અંબાજી મંદિરમાં દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા અગાઉ જે તે યાત્રિકની ધ્વજા ટેમ્પલ ઈન્સ્પેક્ટર ટ્રસ્ટની ઓફિસમાં નોંધણી કરીને ભક્તો ધ્વજારોહણ કરી શકતા જે માટે કોઈ પણ પ્રકારનો ચાર્જ લેવામાં આવતો ન હતો. ૧ ઓગસ્ટ ૨૦૨૪થી ધ્વજારોહણનો ચાર્જ દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા નક્કી કરવામાં આવ્યો છે. સવારે ૭:૦૦ વાગ્યાથી બપોરના સાડા ચાર સુધી જ ધ્વજારોહણ કરી શકશે. ટ્રસ્ટ તરફથી નિયુક્ત કરેલા બ્રાહ્મણો દ્વારા શાસ્ત્રોત વિધિ વિધાનથી પૂજન અર્ચન કરવામાં આવશે. તેના ફોટોગ્રાફ્સ પણ મોબાઈલ મારફતે ભક્તોને આપવામાં આવશે. દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા ૫,૭,૯ અને ૧૧ મીટરની ધજાઓના ભાવ નક્કી કરાયા છે. ૨૧૦૦, ૨૫૦૦, ૩૧૦૦ અને ૫૧૦૦ ભાવ નકકી કરાયા છે.

## સેવાને સરનામે –ઉમળકા સાથે

# અમરેલી સારહિ તપોવન આશ્રમમાં તપસ્વિઓને સાથે ભોજન પ્રસાદ

### શ્રી કાબરીયા અને શ્રી રાજયગુરુ પરીવારની ઉપસ્થિતિ



અમરેલી,તા.૩૦-૦૭-૨૦૨૪નાંરોજ યુથ કલબ ઓફ અમરેલી સંચાલિત સારહિ તપોવન આશ્રમ માં રહેતા તપસ્વીશ્રીઓ ની સાથે રહીને સમય વિતાવેલ અને ત્યારબાદ ભોજન પ્રસાદ લઈને છૂટા પડેલ સારહી પરીવાર ના શ્રી મનોજભાઈ કાબરીયા સહ પરિવાર, શ્રી ઈશ્વરભાઈ રાજયગુરુ સહ પરિવાર ઉપસ્થિત રહેલ સારહી તપોવન આશ્રમ નાં સ્વપ્રદ્રષ્ટા-પ્રમુખ શ્રી મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સારહી પરિવાર ને શુભકામનાઓ પાઠવી સારહિ પરિવાર વતી હૃદયપૂર્વક આભાર માનવામાં આવેલ.

# રાજુલાના ચાંચબંદરના સહકારી આગેવાન અને માજી સરપંચ શ્રી શામજીભાઇનું નિધન

### શામજીભાઇનું નિધન થતા સમગ્ર ચાંચબંદરમાં ઘેરા શોકની લાગણી ફરી વળી



રાજુલા,રાજુલા તાલુકાના ચાંચબંદર ગામના સહકારી અગ્રણી ચૌહાણ શામજીભાઈનું આજે તેમનું અવસાન થતા સમગ્ર સહકારી ક્ષેત્રમાં રાજુલા જાફરાત પંથકમાં ખોટ પડી છે શ્રી શામજીભાઈ ચૌહાણ વર્ષોથી ચાંચબંદર ગામમાં શાળા કોલેજ મીઠા ઉત્પન્ન મંડળી સહિતના પ્રમુખ છે ભવનાથ તળેટીના પણ સભ્ય છે તેમ જ રાજુલા તાલુકામાં માર્કેટિંગ યાર્ડમાં પણ સભ્ય હતા રાજુલા જાફરાબાદ ખાંભા કોળી સમાજમાં સારું એવું પ્રભુત્વ ધરાવતા હતા વર્ષોથી ભાજપના કાર્યકર હતા અને મીઠા ઉદ્યોગના અગરિયાઓના નાના-મોટા કામો કરતા હતા અને સાત બંદરમાં વિકાસમાં પણ તેનો નોંધનીય ફાળો છે તેના દુઃખદ સમાચારથી આજે સહકારી ક્ષેત્રમાં તેમજ સરપંચોમાં અને આ વિસ્તારના ધારાસભ્ય શ્રી હીરાભાઈ સોલંકી તેમજ માર્કેટિંગ યાર્ડના પ્રમુખ જીગ્નેશભાઈ પટેલ તથા માજી સરપંચ કાનજીભાઈ તથા બેક ના ડિરેક્ટર શ્રી દાંદભાઈ વરુ શ્રી બાબુભાઈ મકવાણા ડેડાણ તથા ટીંબી યાર્ડના પ્રમુખ ચેતનભાઈ વગેરે શોકની લાગણી ઉદ્ભવી છે અને એક સહકારી અગ્રણીએ અને કોળી સમાજના આગેવાન ગુમાવતા કોળી સમાજમાં પણ ની ખોટ ક્યારેય નહી પુરાય દરિયા કિનારાના ગ્રામ્ય વિસ્તારો ખેરા પટવા સા શિયાળબેટ વગેરે ગામના લોકો અંતિમયાત્રામાં જોડાયા હતા

### સુરતમાં સ્પા મસાજની આડમાં દેહ વ્યાપારનો ગોરખ ધંધો ચલાવનારને પોલીસે ઝડપી લીધો

સુરત,

સુરતમાં પોલીસની સતર્કતાનો વધુ એક દાખલો સામે આવ્યો છે જેમાં, સ્પા –મસાજ પાર્લરની આડમાં ચાલતા દેહવ્યાપારના ગેરકાયદેસર ધંધા કરનાર વ્યક્તિ ને અડાજણ પોલીસે ઝડપી પાડ્યો છે.સુરતમાં અડાજણ પોલીસે સ્પા મસાજની આડમાં દેહ વ્યાપારનો ગોરખ ધંધો ચલાવનાર એક વ્યક્તિની ધરપકડ કરી છે. આ બાબતે મળતી માહિતી મુજબ અડાજણ પોલીસને બાતમી મળી હતી કે, અડાજણ ભૂલકા ભવન જલારામ હોન્ડાના શોરૂમ પાસે આવેલી એક દુકાનમાં સ્પા મસાજ ની આડમાં મહિલાઓ પાસે દેહ વ્યાપાર કરાવવામાં આવે છે. જેથી પોલીસે બાતમીના આધારે એક ડમી ગ્રાહક મોકલી ખરાઈ કરાવી હતી અને ત્યારબાદ રેડ કરી પોલીસે એક મહિલા અને સ્પાનું સંચાલન કરતાં સંચાલકને ઝડપી પાડ્યો છે.

### અમરેલી દિપક હાઇસ્કુલમાં મહિલા દિવસની ઉજવણી

#### અમરેલી તાલુકા કાનુની સેતા સેવા મંડળ દ્વારા આયોજન




અમરેલી,મહિલાદિવસનિમિત્તે,અમરેલી તાલુકા કાનૂની સતા સેવા મંડળ દ્વારા અને, અમરેલી મહિલા પોલીસ ડીપાર્ટમેન્ટ દ્વારા તેમજ એન.સી .સી.કેડેટ, અમરેલી ની વિદ્યાર્થીની ઓ,દિપક હાઈસ્કૂલ ની વિદ્યાર્થીની ઓ, તેમજ અન્ય અમરેલી ની સ્કુલોમાંથી આવેલ વિદ્યાર્થીનીઓ તેમજ, પી.એસ.આઈ.શ્રી સોની,તેમજ મહિલા પીએસઆઈ શ્રી,કથીરી સાહેબ,તેમજ અમરેલી તાલુકા કાનૂની સતા સેવા મંડળ માંથી પી.એલ.વી.શ્રી મુકેશ ભાઈ ભટ્ટ (સોનલ)તેમજ પી.એલ.વી.શ્રી રાજવીર ગોહિલ, દ્વારા એક સફળ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

### ગુજરાતમાં ૨૨૩ પીએસઆઇને પીઆઇ તરીકે પ્રમોશન

ગાંધીનગર,

ગુજરાત રાજ્યમાં ૨૩૩ PSI ને PI તરીકે બઢતી આપવામાં આવી છે. પોલીસ સબ ઈન્સ્પેકટરોને પોલીસ ઈન્સ્પેક્ટર વર્ગ-૨ તરીકે બઢતી આપવામાં આવી છે. ગુજરાત રાજ્યના પોલીસ વડા ના આદેશ મુજબ પોલીસ વિભાગે બઢતી માટે પસંદગી યાદી જાહેર કરી છે. બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટર ઘણા સમયથી પ્રમોશનની રાહ જોઈ રહ્યા હતા ત્યારે તેમની આતુરતાનો અંત, ડીજી કચેરી દ્વારા બઢતીનો આદેશ કર્યો હતો.રાજ્યમાં લોકસભા ચૂંટણી બાદ એક સાથે ૧૮ IAS અને 8 IPS અધિકારીઓની બદલી કરવામાં આવી હતી. ટ્રાન્સફર કરાયેલા 8 IPS અધિકારીઓમાં રાજુ ભાર્ગવ, વિકાસ સુંદા, બિશાખા જૈન, રાઘવ જૈન, જિતેન્દ્ર મુરારીલાલ અગ્રવાલ, ડૉ. નિધિ ઠાકુર, કોરુકોંડા સિદ્ધાર્થ અને જેએ પટેલનો સમાવેશ થાય છે. આગ સમયે રાજકોટ પોલીસ કમિશનર રહેલા રાજુ ભાર્ગવનને આર્મ્ડ યુનિટના ADGP બનાવવામાં આવ્યા હતા.

# ગોઢાવદર ગ્રામ પંચાયત કચેરીમાં ઉપ સરપંચની વરણી

### શ્રી વિપુલભાઇ મનસુખભાઇ ગજેરાની વરણી થતા તેમને શુભકામનાઓ પાઠવવામાં આવી



ગોઢાવદર,(ભરતભાઈ વિઝુંડા)

લીલીયા નાં ગોઢાવદર ગ્રામ પંચાયત કચેરી માં અઢી વર્ષ પૂર્ણ થતા પ્રથમ ઉપ સરપંચ તરીકે શારદાબેન પ્રવીણભાઈ હિરપરા હતા તેમનો સમયગાળો પૂર્ણ થતા હવે નવા ઉપસરપંચ તરીકે તમામ સભ્યો ની બેઠક મળતા તેમાં શ્રી વિપુલ ભાઈ મનસુખભાઈ ગજેરા ને આવકારેલ છે તેઓ વધુમાં વધુ ગોઢાવદર ગ્રામ પંચાયત કચેરી માં અને ગોઢાવદર ગામના વિકાસના કામ કરે તેવી બધાએ સુભેચ્છો આપેલ. આ તકે સરપંચ શ્રી હીરાબેન ગોસાઈ, સુરેશભાઈ ગજેરા, વિપુલભાઈ ગજેરા,શૈલેષભાઈ ગજેરા તલાટી કમ મંત્રી શ્રીચાવડા,રાઠોડ, જયંતિભાઈ વિંઝુડા, ભરત વિંઝુડા, પરશોતમભાઈ ગજેરા, વિનુંભાઈ ગજેરા,ગીરીશભાઈ ગજેરા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

### થોળ ગામે ખોદકામમાં જૈન ભગવાનની મુર્તિઓ મળી

મહેસાણા,

મહેસાણામાંથી ખોદકામ દરમ્યાન જૈન ભગવાનની મુર્તિઓ મળવાનો કિસ્સો સામે આવ્યો હતોજેમાં કડીના થોળ ગામે ખોદકામ દરમ્યાન ભગવાનની મુર્તિઓ મળી છે. થોળ ગામના મોટા વાસમાંથી મૂર્તિઓ મળી. ખાળકુવાના ખોદકામમાં જૈન ભગવાનની મૂર્તિઓ મળી. ૧૩ જેટલી મૂર્તિઓ જમીનના પેટાળમાંથી મળી આવી હતી.થોડા સમય પહેલા ઈડરીયા ગઢ પરથી નવીન ભવનના ખોદકામ દરમ્યાન અંદાજે ૧૫૦૦ વર્ષ પૂરાણી મૂર્તિઓ મળી આવતા ત્યાં કામ કરી રહેલા લોકો પ્રથમ નજરે અચંબિત થયા હતા.

## ગીરસોમનાથ પંથકના વિવિધ વર્તમાન

ગીરસોમનાથ બ્યુરો ચીફ સંજય રાઠોડ

### એસઓજી દ્વારા નાર્કોટીકસની બદીને નેસ્ત નાબુદ કરવા

# ગીર સોમનાથમાં નો ડ્રગ્સ ઇન ગીરસોમનાથ અભિયાન

### પેટ્રોલિંગ દરમિયાન ધામળેજમાં બિન વારસી ચરસ રૂપિયા ૫ કરોડ ૩૦ લાખનો મુદામાલ કબ્જે કરાયો



ગીર સોમનાથ,નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી નિલેજ જાજડીયા ,જુનાગઢ રેન્જ, જુનાગઢનાઓ તથા ગીર સોમનાથ જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી મનોહરસિંહ જાડેજા તરફથી ગાંજા/ચરસની બદી સદંતર નાબુદ કરવા માટે ‘NO DRUGS IN GIR SOMNATH‘અભિયાનને સફળ બનાવવા અને નાર્કોટીકસની બદીને સંપુર્ણ નેસ્ત નાબુદ કરવા અને એન.ડી.પી.એસ.ના કેસો શોધી કાઢવા આપેલ સુચના મુજબ ગીર સોમનાથ એસ.ઓ.જી. પો.ઈન્સ.જે.એન.ગઢવી તથા પો.સબ ઈન્સ. શ્રી પી.જે.બાટવાના માર્ગદર્શન મુજબ એસ.ઓ.જી. સ્ટાફના અધિ.શ્રી તથા પોલીસ સ્ટાફના માણસો સુત્રાપાડા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન એ.એસ.આઈ. દેવદાનભાઈ કુંભરવાડીયા તથા પો કોન્સ મહાવિરસિંહ જાડેજા ની સયુંકત બાતમી આધારે ધામળેજ ગામે સ્મશાન પાસે હુંડવીયાપીરની દર્ગાહ જવાના રસ્તે દરીયા કિનારે થી બિનવારસુ ચરસના પેકેટો શોધી કાઢી સુત્રાપાડા પો.સ્ટે. એન.ડી.પી.એસ. એકટ મુજબ ગુન્હો રજી. કરાવેલ.માદક પદાર્થ ચરસ વજન ૧૦,૬૦૦ કીલોગ્રામ (દસ કીલો છસો ગ્રામ) કી.રૂ.પ.૩૦,૦૦,૦૦૦/- (પાચ કરોડ ત્રીસ લાખ)નો મુદામાલ કબ્જે કરેલ.

## જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

# જુનાગઢ સાયબર ક્રાઇમ સેલે છેલ્લા બે વર્ષમાં ૧, ૭૭, ૯૪, ૮૩૨ રૂપિયા લોકોને પરત અપાવ્યાં

જુનાગઢ,જુનાગઢ રેન્જ પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયાની સુચના અને પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાની સુચના તથા માર્ગદર્શન હેઠળ જિલ્લામાં સાયબર ક્રાઈમમાં વધતા જતા બનાવોને ધ્યાને લઈ આવા ગુનાઓ બનતા અટકાવવા તેમજ આવા બનાવોમાં લોકોનાં નાણાં રીફંડ થાય અને લોકોમાં જાગૃતતા આવે તેવા પ્રયત્નો કરવા સુચના આપવામાં આવેલ હોય જે અનુસાર જિલ્લા સાયબર ક્રાઈમ સેલનાં માણસો સતત પ્રયત્નશીલ હોય, વર્ષ ૨૦૨૩ દરમિયાન લોક અદાલત મારફતે કુલ ૨૨૭ અરજીઓમાં રૂા.૬૫,૮૬,૧૫૦ અને વર્ષ ૨૦૨૪માં ૨૬૦ અરજીઓ સબમીટ કરવામાં આવેલ. જેમાં રૂા.૬૨,૪૦, ૩૮૬ અરજદારનાં ખાતામાં જમા કરાવવા માટે કોર્ટ ઓર્ડરની કાર્યવાહી કરવામાં આવેલ. તેમ વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ મળીને રૂા. ૧,૨૮,૨૬,૫૩૬ની કાર્યવાહી કરવામાં આવેલ. તેમજ અત્રેનાં સાયબર ક્રાઈમ સેલ દ્વારા જે તે પેમેન્ટ ગેટવેનો સંપર્ક કરી વર્ષ ૨૦૨૩-૨૪નાં ૬૮ અરજીઓમાં રૂા.૪૯,૬૮,૨૯૬ અરજદારનાં ખાતામાં જમા કરાવેલ છે. તેમ કુલ અત્રેનાં જિલ્લામાં નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટીંગ પોર્ટલ તથા ૧૯૩૦ હેલ્પલાઈન અને સાયબર ક્રાઈમ સેલ દ્વારા કુલ રૂા.૧,૭૭,૯૪,૮૩૨ પરત કરાવવાની કાર્યવાહી કરવામાં આવી હતી.

## કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

# ભુજમાં નારી વંદન ઉત્સવ સપ્તાહની ઉજવણી અંતર્ગત મહિલા સુરક્ષા રેલી તથા જાગૃતિ સેમિનાર યોજાયો

ભુજ,

મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા રાજયની મહિલાઓ સામાજિક, આર્થિક, માનસિક અને શારીરિક રીતે સંપન્ન તથા સમાજમાં ગૌરવભેર આગળ વધે તે માટે ગુજરાત સરકાર દ્વારા વિવિધ આયોજન હાથ ધરવામાં આવી રહ્યા છે. જેમાં સર્વાંગી વિકાસના મહત્વના પરિબળો જેવા કે સુરક્ષા, સ્વાવલંબન, કલ્યાણ અને સ્વાસ્થ્ય વગેરે ક્ષેત્રોમાં મહિલાઓ સક્ષમ થાય તે હેતુસર મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા તા. ૦૧ થી ૦૮ ઓગષ્ટ દરમિયાન નારી વંદન ઉત્સવ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત જિલ્લા કલેકટરશ્રીના માર્ગદર્શન હેઠળ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી અને જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી તથા ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કૂલના સંયુક્ત ઉપક્રમે મહિલા સુરક્ષા રેલીનું આયોજન કરવામાં આવેલ હતું. આ રેલીમાં બહોળી સંખ્યામાં દીકરીઓએ ભાગ લીધો હતો. આ રેલીનું પ્રસ્થાન ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કૂલની રમત અને શિક્ષણ ક્ષેત્રે સિધ્ધી પ્રાપ્ત કરેલી દીકરીઓ લોચા દીપા અને ચેતના પાયણના હસ્તે કરવામાં આવ્યું હતું.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(3) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત - 30 દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦

આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125

■ LED હેડલાઇટ
■ ટેલલાઇટ
■ ડિજીટલ મીટર
■ બ્લુટુથ કનેક્ટીવીટી
■ અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
● 30% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
● સ્ટાર્ડ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
● માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ
યામાહા શોરૂમ
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪

સત્યમેવજયતે
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ

તા.૦૩-૦૮-૨૦૨૪ શનિવાર

શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસ પાત્ર સ્થળ...
એક જ ભાવ વ્યાજબી ભાવ
હંમેશા કંઇક નવું...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

BAJAJ FINSERV
આશાપુરા ફર્નીચર
માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૫૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અધતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ

## હવામાન વિભાગ તરફથી કરાયેલી આગાહીને અનુલક્ષી માછીમારો બોટને તાકિદે પરત બોલાવાઇ

# ખરાબ હવામાન સામે જાફરાબાદનાં માછીમારોને સતર્ક કરાયાં

### આજે તા. ૩ સુધી ગુજરાતનાં દરિયા કાંઠે ખરાબ હવામાન અને ભારે પવન ફુંકાવાનો હોવાથી માછીમારી બોટને ટોકન ઈસ્યુ ન કરવાની તંત્રને સુચના

### વેરાવળ, પોરબંદર, જાફરાબાદ, જામનગર, વલસાડ, નવસારી, સુરત, ભાવનગર, કચ્છ, ભુજ સહિતનાં વિવિધ બંદરો ઉપર તંત્રની ચાંપતી નજર

ગાંધીનગર,
ગાંધીનગર વસુલાત નાયબ કલેકટર દ્વારા આધારીત ઈમેઈલ અનુસાર હવામાન વિભાગ તરફથી કરવામાં આવેલ આગાહી મુજબ તા.૩૧-૭-૨૪ થી ૩-૮-૨૪ સુધી ખરાબ હવામાન તથા ભારે પવન ફુંકાવાનો હોય જે અન્વયે દરીયામાં માછીમારી માટે તમામ બોટસને તાત્કાલિક અસરથી પરત બોલાવી લેવા તેમજ તા.૩૧-૭-૨૪ થી અન્ય સુચના ન મળે ત્યાં સુધી માછીમારોને દરીયો ન ખેડવા તથા માછીમારી બોટસને ટોકન ઈસ્યુ ન કરવા સુચના આપવામાં આવે છે.

આ બાબતે મદદનીશ મત્સ્યોઉદ્યોગ નિયામક વેરાવળ/ પોરબંદર/જાફરાબાદ/જામનગર/ વલસાડ/નવસારી/સુરત / ભાવનગર/ રાજકોટ/કચ્છ-ભુજ તથા મત્સ્યોધોગ અધિક્ષક માંગરોળ /ઓખા/ભરૂચ/ મોરબીને તાત્કાલિક આ બાબતે ચુસ્તપણે ઘટતી કાર્યવાહી કરવા જણાવવામાં આવેલ છે.

## રાજુલામાં વિવિધ સમસ્યાઓ માટે ધારાસભ્યશ્રી હીરાભાઇ સોલંકીએ અધિકારીઓને કડક સુચનાઓ આપી

# રાજુલા શહેર સીસીટીવી કેમેરાઓથી સજ્જ થશે

### વેપારીઓ અધિકારીઓ સાથે ધારાસભ્યની બેઠકનો ધમધમાટ : વિકાસના કામો શરૂ થશે : ૩૫ કરોડના નવા વિકાસ કામોને મંજરી મળી



રાજુલા, (કનુભાઈ વરૂ) અમરેલી જિલ્લામાં આવેલ રાજુલા શહેરમાં ગંદકી પાણી તેમજ સ્ટ્રીટ લાઈટ અને રસ્તાઓ બાબતે સતત ફરિયાદો વધુ આવતા રાજુલાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ ચીફ ઓફિસર તેમજ અધિકારીઓ અને ગામના વેપારીઓને સાથે રાખી કાર્યાલય ઉપર તમામ સાથે બેઠકો કરી અને આકરી ઝાટકણી કાઢી હતી કડક શબ્દોમાં કામો કરી મોનીટરીંગ રાખવા માટે પણ સૂચનાઓ આપવામાં આવી હતી રાજુલા શહેરમા ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, માર્કટીંગ યાર્ડ ચેરમેન જીજ્ઞેશભાઈ પટેલ નગરપાલિકા પૂર્વ પ્રમુખ રવુભાઈ ખુમાણ દ્વારા અધિકારીઓને બોલાવી અને નગરપાલિકાના પડતર પ્રશ્ન બાબતે ચર્ચા કરવામાં આવી હતી જેમાં રાજુલા માં ૩૫ કરોડના વિકાસ કામોને મંજૂરી આપવામાં આવી છે અને આગામી થોડાક જ દિવસોમાં તમામ કામ શરૂ કરી દેવામાં આવશે. રાજુલાના ધારાસભ્ય હીરા સોલંકી દ્વારા બાયપાસ ડેમ કાંઠે રૂબરૂ સ્થળ વિઝીટ કરી અહીં સ્ટ્રીટ લાઈટો બાંકડાઓ મુકવામાં આવશે અહીં લોકો સતત અવર જવર કરતા હોય છે રજાના દિવસોમાં તહેવારમાં હરવા ફરવા આવતા હોવાના કારણે વિસ્તાર વિકસાવવા કવાયત હાથ ધરવામાં આવી છે. આ અંગેની બેઠક હીરાભાઈ ની ઓફિસમાં મળી ત્યારબાદ ધાતરવડી ડેમ સાઈડમાં બાંકડા નાખવા માટે સ્થળ નિરીક્ષણ કર્યું જેમાં માર્કેટિંગ યાર્ડના પ્રમુખ શ્રી જીગ્નેશભાઈ પટેલ તથા ભાજપ અગ્રણીએ શ્રી રવુભાઈ ખુમાણ શ્રી ચેમ્બર પ્રમુખશ્રી ગૌરાંગ મહેતા તથા મનીષ ભાઈ વાળા બકુલભાઈ વોરા શ્રીચીફ ઓફિસર બોરડ તથા મહેન્દ્ર ભાઈ ધાખડા તથા અરજણભાઈ વાઘ તથા વિપુલ લેરી તથા પ્રભા દાદા જોશી વગેરે બેઠક અને સ્થળ નિરીક્ષણમાં ઉપસ્થિત રહ્યા હતા. રવુભાઈ ખુમાણ આજરોજ ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના અધ્યક્ષ સ્થાને યોજાયેલી મિટિંગ બાબતે શ્રી ખુમાણે જણાવ્યું હતું કે રાજુલા શહેરના જે પ્રશ્નો છે અને જે સુવિધાઓ ઘટે છે તે તમામ બાબતે અમારી ટીમ સક્રિય છે પાણીનો પ્રશ્ન ઉકેલ્યા બાદ રાજુલાના તમામ પ્રશ્નો ઉકેલવામાં આવશે.

## સેવાના સરનામે ઉમળકા સાથે

# અમરેલી સારહિ તપોવન આશ્રમમાં ભોજન કરાવી જન્મદિવસ ઉજવ્યો

### શ્રીમતી પારૂલબેન દેસાઇના જન્મદિવસ નિમિતે તપસ્વીઓના ભોજનનું આયોજન



અમરેલી, સેવાને સરનામે –ઉમળકા સાથે તા.૦૧-૦૮-૨૦૨૪ નાં રોજ શ્રી મતિ પારુલબેન રાકેશભાઈ દેસાઈ ના જન્મદિવસ નિમિત્તે શ્રી રાકેશભાઈ કિશોરભાઈ દેસાઈ સહ પરિવાર તરફથી સારહિ યુથ ક્લબ ઓફ અમરેલી સંચાલિત સારહિ તપોવન આશ્રમ માં રહેતા તપસ્વીશ્રીઓ ને મિસ્ટાન ભોજન પ્રસાદ કરાવેલ, સંસ્થાની સેવાકીય પ્રવૃતિઓની વિગત મેળવી સંસ્થા ની પ્રગતિ અંગે સારહી તપોવન આશ્રમ નાં સ્વપ્ન દ્રષ્ટા - પ્રમુખ શ્રી મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સારહી પરિવાર ને શુભકામનાઓ પાઠવી. આ અવસરે સારહી પરીવાર ના પદાધિકારી શ્રી સુરેશભાઈ શેખવા, શ્રી રૂજુલભાઈ ગોંડલીયા, સહિત ઉપસ્થિત રહેલ. સારહિ પરિવાર વતી હ્રદયપૂર્વક આભાર માનવામાં આવેલ.

# સાવરકુંડલામાં મહાત્માગાંધી અતિથિગૃહમાં સ્વ. ધીરૂબાપા રૂપારેલને શ્રધ્ધાજંલિ પાઠવાઇ

### બીજી પુણ્યતિથિ નિમિતે તકતીને પુષ્પમાળા અને પુષ્પ અર્પણ કરી શ્રધ્ધાજંલિ અર્પતા આગેવાનો



અમરેલી, સાવરકુંડલા મહાત્માગાંધીજી અતિથિ ગૃહમાં તા.૨૭-૭-૨૪ ના સ્વ. ધીરૂબાપા રૂપારેલની બીજી વાર્ષિક પુણ્યતિથિ નિમિતે સંસ્થા પરીસરમાં બાપાની પુરા કદની તકતીને સંસ્થાના પ્રમુખ ડો. ધોળકીયા, મંત્રી પીન્ટુભાઈ વડેરા, ટ્રસ્ટી મયુરભાઈ સાગર, જગુભાઈ વાળા, ઉપસ્થિત થતા સંસ્થાના કર્મચારી મંડળવતી તેઓનું શાબ્દિક સ્વાગત કરવામાં આવેલ. તેમજ સંસ્થાના કર્મચારી મિત્રોની ઉપસ્થિતિમાં ડો. ધોળકીયાના પ્રમુખ સ્થાને ટ્રસ્ટી મંડળના સભ્યોના વરદ હસ્તે દિપ પ્રાગટય કરી પુષ્પોથી સ્વ. ના ચરણોમાં વંદનસહ શ્રધ્ધાજંલિ અર્પણ કરી હતી. પ્રાર્થનાગીત બાદ ડો. ધોળકીયાએ શ્રધ્ધાજંલિ અર્પણ કરતા સ્વ. બાપાના સ્વભાવ, સદગુણ અને સબંધો વિશે પ્રાસંગિક સંબોધન કરી શ્રધ્ધાજંલિ પાઠવી હતી. મયુરભાઈ સાગરે પણ સંબોધન કરી શાબ્દિક શ્રધ્ધાજંલિ પાઠવી હતી. સંસ્થામાં વસાવેલ નવી ૧૦૦ નંગ ખુરશી ઉપયોગમાં લઈ સુબુધ ઉદઘાટન કર્યુ હતું. કાર્યક્રમના આયોજન બદલ પ્રમુખ મંત્રી અને ટ્રસ્ટીશ્રીઓએ સંતોષ વ્યકત કર્યો હતો. અને ટ્રસ્ટીશ્રીઓનો સંસ્થાકર્મચારી પરીવારવતી આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

## એક કરોડના ખર્ચે બનાવેલો રોડ બીસ્માર

# જીરા વિસ્તારમાં રસ્તા બીસ્માર બનતા દર્દીઓ પરેશાન

### જીરા, બોરાળા, ખડકાવાળા સહિતના ગ્રામજનો હેરાન પરેશાન



અમરેલી, બિસ્માર રસ્તાઓ થી ગામના નાગરિકો અને દર્દીઓની પરેશાની જીરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર થી પ્રાથમિક શાળા તેમજ માધ્યમિક શાળા અને બોરાળા ખડકાવાળા જવાનો રસ્તા જે આ pwd નો રોડ નીકળેલ હોય ગામની વચ્ચેથી જ્યાં અનેક વાહનોની અવરજવર હોય વિદ્યાર્થીઓની એસટીની બસ ચાલતી હોય તો એટલો બિસ્માર રસ્તો ખખડ ધજ થય ગયો હોય નવું જ એક કરોડના ખર્ચે બનેલો પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની એકદમ સામે જ કે જે દર્દીઓને ચાલવાની પરેશાની જમા થાય તેમ જ મોટો ખાડો પડેલો હોય કે કોઈ વાહન વ્યવહાર ચાલી શકે એમ નથી દર્દીઓને કાઢવામાં ક્યારેક મુશ્કેલી ઊભી થાય છે અને વિદ્યાર્થીઓને ચાલીને શાળાએ આવવામાં અવારનવાર પરેશાની થાય છે જો કોઈ વાહન સામેથી આવતું હોય તો વિદ્યાર્થીને ક્યાં તરવુ કે વાહનને ક્યાં તારવવુ તો દર્દીઓ તેમજ વિદ્યાર્થીઓને ધ્યાનમાં લઈ અને ભમોદરા થી બોરાળા જતો વચ્ચે જીરા ગામનો જે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રથી પ્રાથમિક શાળા સુધીનો રોડ હાલમા ચાંદીપુરમ જેવો ભયંકર રોગ નો ભરડો લિધેલ હોઈ તો શાળા ના બાળકો આ રોગનો શિકાર બને તે પહેલાં ગંદકી અને પાણી નો નિકાલ થાય આ રોડ પર સરકારી જી બસ દ્વારા બોરાળા ખડકાળા નાના ભમોદરા ભુવા તેમજ સિમરણ ગામના વિદ્યાર્થી ઓ ભણવા માટે આવતા હોયતો વિદ્યાર્થી તેમજ દર્દીઓના હિત માં સત્વરે રીપેર કરાવવા રજૂઆત કરવામાં આવેલછે.

## તેજસ્વી વિદ્યાર્થીઓને બિરદાવાયા

# સાવરકુંડલા ખાતે રમત ગમત સપ્તાહની ઉજવણીમાં વિદ્યાર્થીઓનો તેજસ્વી દેખાવ

### વિદ્યાર્થીઓ વચ્ચે બરછી ફેંક, દોડ સહિત એથ્લેટિક સ્પર્ધાઓ યોજાઇ



સાવરકુંડલા, તાજેતરમાં રમત ગમત સપ્તાહ ની ઉજવણીના ભાગરૂપે કે.કે.હાઈસ્કૂલના મેદાનમાં યોજાયેલ જુદી જુદી રમતોમાં શાળાના ખેલાડીઓએ ભાગ લીધેલ. જેમાં કબડી સ્પર્ધામાં શાળાની ટીમ ફાઈનલ સુધી પહોંચેલ. તેમજ એથ્લેટિક્સ સ્પર્ધાઓમાં ૧૪ થી ૧૭ વર્ષ સુધીના વિભાગમાં બરછી ફેકમાં ચૌહાણ પૃથ્વી કમલેશભાઈ પ્રથમ નંબરે વિજેતા થયેલ. તેમજ ૧૭ વર્ષથી ઉપરના વિભાગમાં બરછી ફેકમાં વાઘ કાનો મુન્નાભાઈ પ્રથમ નંબરે વિજેતા થયેલ. ગોળાફેક સ્પર્ધામાં કુડેચા મનીષ કેસુભાઈએ પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ. ૧૦૦ મીટર દોડમાં ૧૪થી ૧૭વર્ષના વિભાગમા ચૌહાણ નયન વિપુલભાઈ દ્વિતીય નંબરે આવેલ તો સાથે સાથે ચૌહાણ રહેમાન પણ ૧૦૦ મીટર દોડમાં ૧૭ વર્ષથી ઉપરના વિભાગમાં દ્વિતીય નંબર મેળવેલ. ૪૦૦ મીટર દોડમાં ચારોલા હરપાલ વિનુભાઈએ દ્વિતીય નંબર પ્રાપ્ત કરેલ. હથોડા ફેંક સ્પર્ધામાં ગોહિલ અમન ભરતભાઈ પ્રથમ નંબરે વિજેતા થયેલ છે. સફળતા પ્રાપ્ત કરેલ તમામ વિદ્યાર્થીઓને શાળાના વ્યાયામ શિક્ષક શ્રી ગૌરાંગભાઈ જોશીએ માર્ગદર્શન આપી તૈયાર કરેલ. આ તકે નંબર પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધારવા બદલ શાળાના આચાર્યશ્રી આશિષભાઈ જોશીએ તથા શ્રી નૂતન કેળવણી મંડળના પ્રમુખ, ઉપપ્રમુખ અને મેનેજિંગ ટ્રસ્ટી તથા સમગ્ર ટ્રસ્ટી ગણે વિદ્યાર્થીઓને અભિનંદન આપી ઉત્તરોત્તર પ્રગતિ કરો અને શાળા તથા તમારું નામ રોશન કરો તેવા આશીર્વાદ આપેલ.

પહેલા પાનાનું

## સાયબર ઠગ

સાયબર ક્રાઈમનો ભોગ બનેલા હજારો મધ્ય વર્ગીય લોકોની પીડાને ઘટાડવા માટે એક મોટો પ્રયાસ કર્યો છે. સાયબર ક્રાઈમની તપાસમાં તેમના સહયોગનાં કારણે અગાઉ લોક થઈ ગયેલા ૨૮૦૦૦ બેંક ખાતાઓ અનફ્રીઝ કરવામાં આવ્યા છે. આ પગલું એક પીડીતોને નોંધપાત્ર રાહત આપશે જેઓ ખોટી રીતે પેમન્ટ સ્વીકારીને છેતરપીંડીનો ભોગ બન્યા હતા અથવા તો અજાણતા આ પ્રકારની યુક્તિઓમાં ફસાઈ ગયા હતા.

રિફંડની રકમ અને હોલ્ડ પર મૂકવામાં આવેલી રકમમાં નોંધપાત્ર ફેરફાર જોવામાં આવ્યો છે. જેમાં સને ૨૦૨૩-૨૦૨૪ દરમ્યાન અમરેલી જિલ્લાની કુલ ૨૧૧૭ અરજીઓમાં ખાતાઓમાં કુલ રૂ.૧,૯૦,૭૬,૬૭૨/- ફિઝ કરવામાં આવેલ જેમાં ૧૪૫૨ અરજીઓમાં રૂ.૧,૩૬,૩૮,૪૫૫/- જેટલી રકમ પરત અપાવી ફિઝ થયેલ ખાતાઓને અનફિઝ કરવામાં આવેલ છે. અને હાલ ૬૬૫ અરજીઓ રૂ.૫૪,૩૮,૨૧૭/- જેટલી રકમ ફિઝ રહેલી છે જે પરત અપાવવાની કામગીરી હાલ ચાલુ છે. એમ અમરેલી જિલ્લાની ૨૦૨૩-૨૦૨૪ રિંફડની કામગીરી ૬૮.૫૯% જેટલી છે. એ રીતે ગુજરાત રાજયમાં ૨૦૨૪ માં રિફંડ કરાયેલી રકમની ટકાવારી ૪૬.૪૨% છે. અને ૨૦૨૪ માટે રિફંડ કરાયેલી રકમ ૫૩.૩૪ કરોડ છે. આ તફાવત દર્શાવે છે કે ઓથોરીટીએ સાયબર ક્રાઈમનાં પીડીતોને સમયસર રાહત મળે એ સનિશ્ચિત કરવા માટે સક્રિય પગલા લીધા છે.

સને ૨૦૨૩ માં અમરેલી જિલ્લા ખાતે સાયબર ક્રાઈમ જાગૃતિ અંગે જિલ્લામાં અલગ અલગ જગ્યાએ કુલ ૪૮ જેટલા સેમિનારનું આયોજન કરવામાં આવેલ જેમાં અંદાજિત ૧૦,૩૧૦ જેટલા લોકો હાજર રહેલ. સને ૨૦૨૪માં કુલ ૨૨ જેટલા સેમિનારનું આયોજન કરવામાં આવેલ જેમાં ૪૬૦૦ જેટલા લોકો હાજર રહેલ. અને આ ૨૦૨૩-૨૦૨૪ મા આયોજન કરેલ સેમિનારમાં કુલ ૧૬૦૦૦ જેટલી સાયબર જાગૃતિ અંગેની પત્રિકાઓનું વિતરણ કરવામાં આવેલ છે. પોલીસે એકાઉન્ટ ફ્રીઝ કરવા અંગેની તેમની પોલીસીમાં પણ સુધારો કર્યો છે. નવી પોલીસી અસરકારક રીતે ગુન્હા નિવારણ અને નિર્દોશ પક્ષો પર નાણાંકીય બોજ ઘટાડવા વચ્ચે સંતુલન જાળવવા માટેનું એક મહત્વપૂર્ણ પ્રથમ પગલું છે. જે કુલ રકમને બદલે ખાતાના એ ભાગને ફિઝ કરે છે જે છેતરપીંડીથી અસરગ્રસ્ત હોય તેવો હવે આખા એકાઉન્ટને બદલે માત્ર છેતરપીંડી સાથે સંકળાયેલી ચોક્કસ રકમને જ ફ્રિઝ કરશે. આ ફેરફારોનો હેતુ મધ્યમ વર્ગની વ્યકિતઓ પરના નાણાકીય તણાવને ઘટાડવાનો છે. જેઓ આખું બેંક એકાઉન્ટ લોક થઈ જવાના કારણે મોટી મુશ્કેલીનો સામનો કરે છે.

મધ્યમ વર્ગના લોકો સાયબર ક્રાઈમનાં લીધે આર્થિક રીતે પ્રભાવીત થયા હતા અને એકાઉન્ટ ફિઝ થવાના કારણે તેઓ પોતાના ખાતામાં રહેલી રકમને મેળવવા માટે અસમર્થ હતા. હવે તેમના એકાઉન્ટ અનફિઝ થઈ જવાના કારણે એટલે ખુલી જવાના કારણે તેઓએ મોટી રાહત અનુભવી છે. આ પગલું એવા લોકો માટે ખરેખર રાહત દાથી છે. જેઓ બહુ ધનવાન નથી અને મોટા ભાગે રોજિંદા વ્યવહાર માટે તેમના બેંક ખાતાઓ પર આધાર રાખે છે. ઓથોરીટીએ વિનંતી કરી છે કે જેમને પણ એવું લાગતું હોય કે તેમના એકાઉન્ટસ ભૂલથી ફ્રિઝ કરવામાં આવ્યા છે તેઓ સાયબર ક્રાઈમમાં તેમની બિન-સંડોવણી દર્શાવતા પુરાવા સાથે આગળ આવે. એક પછી એક કેસના આધારે આ એકાઉન્ટ્સની સમીક્ષા કરવામાં આવશે ત્યારબાદ શક્યતઃ અનફિઝ કરવામાં આવશે ગુજરાત પોલીસ દ્વારા કરવામાં આવેલી આ નિર્ણાયક કાર્યવાહી સાયબર ક્રાઈમ પીડીતોને તથા અન્યાયને ઘટાડવાની તરફેણમાં નોંધપાત્ર પગલા દર્શાવે છે. ખાતા ફિઝ કરવા અંગેના અભિગમમાં સુધારો કરીને તેમજ પીડીતોને આગળ આવવા માટે પ્રોત્સાહીત કરીને, ઓથોરીટી અસરગ્રસ્ત વ્યક્તિઓ તાત્કાલીક નાણાંકીય અસર અને સાયબર ક્રાઈમનાં વ્યાપક મુદ્દા બંને પર ધ્યાન કેન્દ્રીત કરી રહી છે.

## શ્રી કમાણી સાયન્સ પ્રતાપરાય આર્ટસ કોલેજનાં સીએટીસી કેમ્પમાં

# અમરેલી કોલેજના એનસીસી કેડેટસ દ્વારા કેમ્પમાં બેસ્ટ પર્ફોમન્સ કરાયું

### કોલેજના ચાર કેડેટ્સ બટાલીયન કક્ષાએ ગોલ્ડ મેડલ સાથે પ્રજાસતાક પરેડ માટે પસંદગી પામ્યા



અમરેલી,
અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત શ્રી કમાણી સાયન્સ અને પ્રતાપરાય આર્ટ્સ કોલેજના ૬, ગુજરાત બટાલીયન એનસીસી, ભાવનગર દ્વારા તા. ૨૨/૭/૨૦૨૪ થી તા. ૩૧/૭/૨૦૨૪ સુધી સોનગઢ ખાતે આયોજિત CATC કેમ્પમાં કોલેજના ૪૬ કેડેટ્સોએ ભાગ લીધેલ હતો. તેમાં કેડેટ્સ દ્વારા બેસ્ટ ઈન ડ્રીલ તથા બેસ્ટ ઈન એનસીસી સોંગ માં પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ તથા કોલેજના ચાર કેડેટ્સ ખાડા ધર્મરાજ (બેસ્ટ ડ્રીલ ઈન ગોહિલ કૌશિક તથા પરમાર મિલન (બેસ્ટ પાઈલોટીંગ) અને મોરવાડીયા ભાર્ગવ (બેસ્ટ સર્વિસ) માટે ગોલ્ડ મેડલ મેળવેલ છે. કોલેજના ચાર કેડેટ્સ બટાલીયન કક્ષાએ દિલ્હી મુકામે યોજાનાર પ્રજાસતાક દિનની પરેડ માટે પસંદગી પામેલ છે. આ તકે કોલેજનાં પ્રિન્સિપાલ ડૉ. અતુલભાઈ પટેલ, એનસીસી ઓફીસર લેફ. ડૉ. પી.એમ.વ્યાસ તથા તમામ સ્ટાફ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા આગળના સમયમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરે તેવી શુભકામનાઓ પાઠવી હતી.

## સતત ૧૦૦ વર્ષથી પશુધન વસ્તી ગણતરી કરતો ભારત વિશ્વનો એકમાત્ર દેશ

# ગુજરાત સહિત દેશભરમાં યોજાશે ૨૧મી પશુધન વસ્તી ગણતરી

### આગામી સપ્ટેમ્બરથી ડિસેમ્બર ૨૦૨૪ દરમિયાન સમગ્ર દેશમાં ૨૧મી પશુધન વસ્તી ગણતરી હાથ ધરવામાં આવશે : વસ્તી ગણતરી માટે પહેલી વખત મોબાઇલ એપનો ઉપયોગ કરાશે

### દેશના આશરે એક લાખથી વધુ અધિકારી-કર્મચારીઓ આ વસ્તી ગણતરીમાં ડેટા એકત્ર કરવાના કામમાં જોડાશે : ૨૦૧૯ની ગણતરીમાં ગુજરાતમાં ૨૬૮ લાખ પશુધન નોંધાયું હતું

અમરેલી,

દેશની ગ્રામીણ અર્થવ્યવસ્થાને મજબૂત કરવામાં તેમજ ખેડૂતોને આર્થિક સ્થિરતા પ્રદાન કરવામાં પશુપાલન વ્યવસાય અને વિવિધ સંવર્ગના પશુધન મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ગુજરાતના અનેક ખેડૂતો આજે પશુપાલન વ્યવસાય થકી સમૃદ્ધ બન્યા છે. પશુપાલન અને ડેરી ક્ષેત્રના વિકાસ માટેની નીતિઓ, કાર્યક્રમો તથા વિવિધ કલ્યાણકારી યોજનાઓના ઘડતર ઉપરાંત અનેક મહત્ત્વના નિર્ણયો માટે પશુધન સંબંધિત અદ્યતન ડેટા સંગ્રહ હોવો ખૂબ જ જરૂરી છે. આ ડેટા એકત્રિત કરવા માટે ભારત સરકાર દ્વારા આગામી સપ્ટેમ્બરથી ડિસેમ્બર-૨૦૨૪ દરમિયાન સમગ્ર દેશમાં ૨૧મી પશુધન વસ્તી ગણતરી હાથ ધરવામાં આવશે. ૨૧મી પશુધન વસ્તી ગણતરીના અદ્યતન અને સચોટ ડેટાના આધારે આગામી પાંચ વર્ષ દરમિયાન ભારત સરકાર અને રાજ્ય સરકાર પશુપાલન ક્ષેત્રનો વિકાસ સુનિશ્ચિત કરશે. પશુધનની સંખ્યા અને વિવિધ જાતોના આધારે નવી યોજના બનાવવામાં, જૂની યોજનામાં સુધારા કરવામાં, પશુ આરોગ્ય સેવાઓનો વધારો કરવામાં, આપત્તિના સમયે પશુ ચારાની આવશ્યકતા તેમજ પશુ રસીકરણ જેવી અનેક બાબતોમાં આ ડેટા આધારસ્તંભ બનશે.

**વિચરતા પશુઓનો પ્રથમવાર વસ્તી ગણતરીમાં સમાવેશ**

પશુધન વસ્તી ગણતરી દેશમાં પશુઓની વિવિધ જાતોના સચોટ ડેટાનો મુખ્ય સ્ત્રોત છે. ભારતમાં વર્ષ ૧૯૧૯થી દર પાંચ વર્ષે પશુધન વસ્તી ગણતરી હાથ ધરવામાં આવે છે. ભારત વિશ્વનો એકમાત્ર દેશ છે, જ્યાં ગત ૧૦૦ વર્ષથી સતત પશુધન વસ્તી ગણતરી કરવામાં આવી રહી છે. વસ્તી ગણતરીમાં સામાન્ય રીતે તમામ પાળેલા પ્રાણીઓને આવરી લેવામાં આવે છે, પરંતુ ૨૧મી પશુધન વસ્તી ગણતરીમાં વિચરતા પશુપાલકોના પશુઓ, રખડતા પશુઓ, શ્વાન તથા પાંજરાપોળ, ગૌશાળા, સરકારી ફાર્મ અને ડેરી ફાર્મના પશુઓને પણ આવરી લેવામાં આવશે. જેમાં દેશભરની આશરે ૨૧૯ જેટલી પશુ જાતોની ગણતરી કરવામાં આવશે. દેશના આશરે એક લાખથી વધુ અધિકારી-કર્મચારીઓ આ વસ્તી ગણતરીમાં ડેટા એકત્ર કરવાના કામમાં જોડાશે.

**ગુજરાતની ૨૮ જેટલી પશુ જાતોની થશે ગણતરી**

ગુજરાત રાજ્યમાં ૨૮ જેટલી પશુ જાતોની ગણતરી કરવામાં આવશે, જે પૈકી ગાય સંવર્ગમાં ગીર, કાંકરેજ, ડગરી, ડાંગી અને નારી ઓલાદ, ભેંસ સંવર્ગમાં મહેસાણી, જાફરાબાદી, બન્ની અને સુરતી ઓલાદનો સમાવેશ થાય છે. ગુજરાતમાં પશુધનના ડેટા એકત્રિત કરવાની કામગીરીમાં ગ્રામ્ય કક્ષાએ ૨,૭૦૦થી વધુ અને શહેરી કક્ષાએ ૧,૦૦૦થી વધુ ગણતરીદારો ઉપરાંત ૬૭૦ જેટલા સુપરવાઇઝર જોડાશે. વસ્તી ગણતરીના ડેટાને અધિકૃત કરવા જિલ્લા કક્ષાએ અને રાજ્ય કક્ષાએ નોડલ અધિકારીઓની નિમણૂંક કરવામાં આવી છે.

**વસ્તી ગણતરી માટે પ્રથમવાર મોબાઈલ એપનો ઉપયોગ**

૨૧મી પશુધન વસ્તી ગણતરી માટે દેશમાં પ્રથમવાર મોબાઈલ એપ્લીકેશન અને સોફ્ટવેરનો ઉપયોગ કરવામાં આવશે. આ એપ્લીકેશનના પરિક્ષણ માટે ભારત સરકારે ગુજરાત સહિત અરુણાચલ પ્રદેશ, કર્ણાટક, ઓડીશા અને ઉત્તર પ્રદેશમાં પાઈલોટ પ્રોજેક્ટ શરુ કર્યો છે. જે અંતર્ગત જામનગર જિલ્લાના જોડિયા અને કાલાવડ તાલુકામાં મોબાઈલ એપ અને સોફ્ટવેરનું પરીક્ષણ હાલ પ્રગતિ હેઠળ છે. અગાઉ ૨૦મી પશુધન વસ્તી ગણતરી દરમિયાન પ્રથમવાર ટેબ્લેટના માધ્યમથી પશુધનનો ડેટા ઓનલાઈન એકત્રિત કરવામાં આવ્યો હતો.

**કેવી રીતે થશે પશુધન વસ્તી ગણતરી?**

પશુધન વસ્તી ગણતરી માટે ગણતરીદારો ઘરે-ઘરે જઈને મોબાઈલથી ગામ, ઘર, પશુ અને તેના માલિકની વિગતો ઉપરાંત માલિક પાસે ઉપલબ્ધ જમીન, સાધનોની વિગતો ભરશે. આ ઉપરાંત ગણતરીદાર દ્વારા ગામ-શહેરના ગાય, કુતરા સહિતના રખડતા પશુઓની પણ માહિતી મોબાઈલના માધ્યમથી એકત્ર કરવામાં આવશે. ગણતરીદાર એકત્ર કરેલી માહિતી તેના સુપરવાઈઝરને મોકલશે. સુપરવાઈઝર (પશુચિકિત્સા અધિકારી) એકત્ર કરેલી માહિતીને અધિકૃત કર્યા બાદ મોબાઈલ એપના માધ્યમથી જિલ્લા નોડલ અધિકારીને મોકલી આપશે. ભારત સરકાર દ્વારા જિલ્લા નોડલ અધિકારી અને રાજ્ય નોડલ અધિકારીને વેબ એપ્લીકેશન અને ડેશબોર્ડની સુવિધા આપવામાં આવશે, જેના માધ્યમથી નોડલ અધિકારી તમામ ગણતરીદાર દ્વારા કરાયેલી ગણતરી અને સુપરવાઈઝર દ્વારા કરાયેલી ખરાઈનું નિરીક્ષણ કરી શકશે. એકત્રિત કરેલો ડેટા આ વેબ એપ્લીકેશનના માધ્યમથી જ ભારત સરકારને મોકલી શકાશે. આ ઉપરાંત ડેશબોર્ડના માધ્યમથી તમામ જિલ્લા નોડલ અધિકારીનું નિરીક્ષણ રાજ્ય નોડલ અધિકારી કરી શકશે. દરેક રાજ્યમાંથી એકત્ર કરાયેલા ડેટાની ખરાઈ કર્યા બાદ ભારત સરકાર પશુધન વસતી ગણતરીનો ડેટા જાહેર કરવામાં આવશે. તાજેતરમાં જ ગાંધીનગર ખાતે ગુજરાત અને રાજસ્થાનના જિલ્લા અને રાજ્ય નોડલ અધિકારીઓ માટે એક દિવસીય પ્રાદેશિક તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો ગુજરાતના પશુપાલન મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે શુભારંભ કરાવ્યો હતો. આ એક દિવસીય તાલીમ દરમિયાન નોડલ અધિકારીઓને વસ્તી ગણતરી માટેની મોબાઈલ એપ, વેબ એપ અને ડેશબોર્ડની તાલીમ આપવામાં આવી હતી.

**વર્ષ ૨૦૧૯ની ગણતરીમાં ગુજરાતમાં નોંધાયું ૨૬૮ લાખ પશુધન**

૨૦મી પશુધન વસ્તી ગણતરી વર્ષ ૨૦૧૯માં હાથ ધરવામાં આવી હતી, જેમાં ગુજરાત રાજ્યમાં કુલ ૨૬૮ લાખથી વધુ પશુધન નોંધાયું હતું. વર્ષ ૨૦૧૯ની વસ્તી ગણતરીમાં કુલ ૯૬ લાખથી વધુ ગાય નોંધાઈ હતી, જેમાં ૧૭.૫૦ લાખથી વધુ ગીર ગાય, ૧૭.૭૦ લાખથી વધુ કાંકરેજ ગાય, ૬૩ હજાર ડાંગી ગાય, ૩૩.૮૦ લાખ ક્રોસબ્રીડ ગાય અને ૨૬.૫૦ લાખ ગાય નોંધાઈ હતી. આ વસ્તી ગણતરીમાં રાજ્યમાં કુલ ૧૦૫ લાખથી વધુ ભેંસ નોંધાઈ હતી, જેમાં ૩૯.૫૦ લાખથી વધુ મહેસાણી ભેંસ, ૧૪.૭૦ લાખથી વધુ જાફરાબાદી ભેંસ, ૧૧.૪૦ લાખથી વધુ સુરતી ભેંસ, ૭.૭૦ લાખથી વધુ બન્ની ભેંસ અને ૩૧.૮૦ લાખથી વધુ અન્ય ભેંસ નોંધાઈ હતી. આ ઉપરાંત રાજ્યમાં કુલ ૧૭.૮૦ લાખથી વધુ ઘેટાં અને ૪૮.૬૦ લાખથી વધુ બકરા નોંધાયા હતા.

---

## ભાવભરી શ્રદ્ધાંજલી



**સ્વ.પ્રેમજીભાઇ ભીખાભાઇ નાકરાણી**
સ્વ.તા.૧-૮-૨૦૨૪
ગુરૂવાર
ગામ : જામબરવાળા

તમે અમારી પાસે નથી, તે સનાતન સત્ય હોવા છતા ઘણી વાતો જીવનમાંથી વિસરાતી નથી.ઈશ્વરના ક્રમ મુજબ જન્મ અને મૃત્યુ નિશ્ચિત છે. આપની વિદાયને સમયના પ્રવાહ વચ્ચે સ્મૃતિઓ હરપળ અમારા હૃદયમાં રહેશે આપના આશિષ સદા વરસતા રહે.. પ્રભુ આપના આત્માને શાંતિ આપે...

લી.
પ્રવિણભાઇ બાઘાભાઇ ટીબડીયા - જયસુખભાઇ બાઘાભાઇ ટીબડીયા
સાગરભાઇ પ્રવિણભાઇ ટીબડીયા - ઋત્વિકભાઇ જયસુખભાઇ ટીબડીયા
રક્ષિતભાઇ જયસુખભાઇ ટીબડીયા
ગામ : જામબરવાળા, તા.બાબરા

---

મહે શ્રી ખાંભા ના જયુ. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં મું. ખાંભા
ફોજદારી પરચુરણ અરજી નં. ૧૭૨-૨૦૨૪............મુ.તા.૦૫-૦૯-૨૦૨૪
અરજદાર : બહાદુરઅલી વજીરઅલી હિરાણી રહે.ડેડાણ, તા.ખાંભા
અરજદારના વિ.વ.શ્રી આર.આર.હરીયાણી
વિરૂધ્ધ : સામાવાળા : ત.ક.મંત્રીશ્રી ડેડાણ, તા.ખાંભા, જી.અમરેલી


### જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદારના કાકી સ્વ.સકરખાનુબેન ગુલાબહુશેન હિરાણીનું અવસાન તા.૨૩-૦૫-૧૯૮૭ નારોજ ગામ ડેડાણ તા. ખાંભા મુકામે થયેલ અને તેની નોંધ જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ હાલની અરજી કરેલ છે જેથી અરજદારની માંગણી મુજબ તેઓના કાકીના મરણ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનુ કારણ દર્શાવવા મુદત તા.૦૫-૦૯-૨૦૨૪ નારોજ ૧૦:૩૦ વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે આથી જે કોઇ ઈસમ તથા સરકારી, અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહુ અરજી સામે વાંધો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી સદરહુ મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા માહિતગાર વકીલ, મુખત્યાર મારફતે હાજર રહેશો તેમ કરવામાં કસુર થયે આગળનો યોગ્ય અને ન્યાયી હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.આજ તા.૩૧-૦૭-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યા

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | કોર્ટનો સિક્કો | હુકમ થી |
|---|---|---|---|
| ડી.એમ.કલસરીયા | ડી.જે.પઠાણ | | એ.એસ.દવે |
| આસી. | આસી. | | રજીસ્ટ્રાર ખાંભા |

---

## દુ:ખદ અવસાન / બેસણું



**સ્વ.પ્રેમજીભાઇ ભીખાભાઇ નાકરાણી**
(પુર્વ પ્રમુખ તાલુકા ભાજપ બાબરા - પુર્વ સરપંચ જામબરવાળા)
સ્વ.તા.૧-૮-૨૦૨૪ ને ગુરૂવાર

દિલગીરી સાથ જણાવવાનું કે અમારા
પિતાશ્રી પ્રેમજીભાઇ ભીખાભાઇ નાકરાણી
તા.૧-૮-૨૦૨૪ ને ગુરૂવારના રોજ રામચરણ પામેલ છે.
પરમ કૃપાળુ પરમાત્મા તેમના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના.

**સદગતનું બેસણુ**
તારીખ : ૩-૮-૨૦૨૪ ને શનિવારના રોજ
સમય : સવારે ૮:૦૦ થી સાંજના ૫:૦૦ વાગ્યા સુધી
સ્થળ : અમારા નિવાસ સ્થાને જામબરવાળા મુકામે રાખેલ છે.

લી.
કરશનભાઇ બી.નાકરાણી　મનુભાઇ બી.નાકરાણી
બેચરભાઇ પી.નાકરાણી　જગદીશભાઇ પી.નાકરાણી
મો.૮૧૪૧૩ ૦૮૧૯૧　મો.૯૬૮૭૬ ૦૮૧૯૧
નાકરાણી પરિવારના જયશ્રી કૃષ્ણ
ગામ : જામબરવાળા, તા.બાબરા, જી.અમરેલી

---


ટીપટોપ પ્લાઝા, 'રાજકમલ ચોક' અમરેલી
પ્રસંગ તમારો, આંગણીયું અમારૂ
બોનાન્ઝા બેન્કવેટ
કલાપી બેન્કવેટ
ગુલમહોર ફંકશન હોલ
લગ્ન માટે • સંગીત-સંધ્યા • ચાંદલાવીધી • રીસેપ્શન • બર્થ-ડે-પાર્ટી • શ્રીમંતવીધી • ઓરકેસ્ટ્રા પ્રોગ્રામ • માતાજીના ભજન • ડાયરો મુંડન-સંસ્કાર • નાટક • સ્કુલ એન્યુઅલ ફંકશન • કંપની કોર્પોરેટ ડિસ્ટ્રીબ્યુટર મીટીંગ • એવોર્ડ ફંકશન • બેસણું • પ્રાર્થનાસભા
તેમજ નાના-મોટા શુભપ્રસંગો માટે ૭૦ થી ૨૫૦ લોકોની કેપેસીટી સુધી આધુનિક સગવડતાઓ સાથે - એસી ફંકશન હોલ, બેન્કવેટ હોલનું બુંકીંગ ચાલુ છે.
સંપર્ક : પિનાકીન ચિત્તલીયા
મો.૯૮૨૦૦ ૨૮૦૦૪, ૮૩૫૬૮ ૪૯૧૯૩



આ તહેવારોના શુભ અવસરે
આપનું મનપસંદ હીરો ટુ-વ્હીલર ખરીદો
આકર્ષક ઑફર સાથે...
હીરોની સાથે બને દરેક તહેવારોશુભ
Hero GIFT Grand Indian Festival of Trust
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, નવનીત ટાયર્સની બાજુમાં, સ્ટેશન રોડ, અમરેલી
મો.+૯૧ ૯૨૮૯૯ ૨૨૨૫૪ navnit@heromotocorp.biz



શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઇ શકે...
કોઈપણ ઉંમરના વ્યક્તિની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮



પવિત્ર શ્રાવણ માસમાં મેઘાવી માહોલમાં વાનગીઓ બનશે ચકાચક....
સોમનાથ બેસનનું નવુ નજરાણુ
"સોમનાથ બ્રાન્ડ બેસન"
વણેલા ગાંઠીયા, ફાફડા
તેમજ ખમણ માટે સ્પેશ્યલ
તેમજ અવધ બેસન
મારૂતિ બેસન
અવધ સ્પે. કરકરી
દરેક રીટેલર તથા હોલસેલર પાસે ઉપલબ્ધ
અમુલ બેસન તેમજ અમુલ કરકરો ૧-કિલો તેમજ ૫૦૦ ગ્રામ પેકીંગમાં ઉપલબ્ધ
સોમનાથ બેસન ઇન્ડસ્ટ્રીઝ
પ્લોટ નં.૮૨-૧, જી.આઇ.ડી.સી. અમરેલી
ફોન : ૨૪૦૧૧૧ / ૨૪૦૪૧૧ મો.૯૮૨૪૨ ૩૦૫૧૫



રજી.સે.શ.૩૬૭૫૨　॥ સત્યમેવ જયતે ॥　ઓડીટ વર્ગ 'અ'
અવધ નાગરીક શરાફી સહકારી મંડળી લી.
ગીરધરભાઇ શોપીંગ સેન્ટર, હેડ પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન : (૦૨૭૯૨)૨૨૭૨૯૯
દર મહિને માસિક વ્યાજની સુવિધા પણ ઉપલબ્ધ

| ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર | ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૫ દિવસ થી ૯૦ દિવસ સુધી | ૮% | ૬ | ૪ વર્ષ ઉપર | ૧૨.૫% |
| ૨ | ૯૧ દિવસથી ૧૮૦ દિવસ | ૯% | ૭ | ૬ વર્ષ ૬ માસ ઉપર (૭૮ માસ) | ડબલ |
| ૩ | ૧૮૧ દિવસથી ૧ વર્ષ સુધી | ૧૦% | ૮ | મંથલી બચત (૧૨ માસ) | ૧૧% |
| ૪ | ૧ વર્ષ ઉપરથી ૩ વર્ષ સુધી | ૧૨% | | | |

આકર્ષક વ્યાજદરો
સભાસદ માટે સર્વશ્રેષ્ઠ સુવિધા
■ દર વર્ષે આકર્ષક ડીવીડન્ડ ■ ફીકસ ડીપોઝીટ ઉપર ૧૨.% નું આકર્ષક વ્યાજ
■ દૈનિક બચતકારોને ૧૧% નું આકર્ષક વ્યાજ
■ દરેક સભાસદોને જરૂરીયાત મુજબ વ્યકિતગત તેમજ મિલ્કત ઉપર લોનની સરળ સુવિધા
■ ડો.ચિરાગ કુબાવત - નારી વુમન્સ - એન્ડોસ્કોપી સેન્ટરમાં પ્રસુતીમાં બીલ ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ પતિ અથવા પત્નીમાંથી કોઇપણ એક અવધ મંડળીના સભાસદ હોવા જરૂરી છે (પેકેજ વગર ડિસ્કાઉન્ટનો લાભ મળશે.)
વિશ્વાસ તમારો અને મહેનત અમારી
અવધ નાગરિક શરાફી સહકારી મંડળી લિ.
• બાયપાસ બ્રાન્ચ • સિલ્વર શાઈન કોમ્પલેક્સ, રોયલ એમેઝોન સામે, બાળહનુમાન મંદિર રોડ, બાયપાસ રોડ, અમરેલી.
• બાબરા બ્રાન્ચ • સહકાર ભવન, શિવાજી ચોક, તાલુકા શાળા સામે, મુ. બાબરા. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૧) ૨૩૩૨૯૯
• ધારી બ્રાન્ચ • રેલ્વે સ્ટેશન પાસે, ધારી વિવિધ સેવા સ.મં.લી.સામે મુ. ધારી. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૭)૨૨૧૨૯૯



શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી



Appointment Now M.8238599299
અરોમા પ્રિમીયમ બોડી સ્પા
AROMA PREMIUM BODY SPA
લેડીઝ માટે Rs.699/-　કપલ માટે Rs.1299/-
ભાઇઓ માટે એક સાથે એક ફ્રિ
એપોઇન્ટમેન્ટ માટે- M.8238599299
સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુકતીધામ સામે, કેરીયારોડ, બાયપાસ ચોકડી પાસે, - અમરેલી



ડ્રીમ ફેમિલી સ્પા – ધમાકા ઓફર
Dream Family spa
ડ્રીમ ફેમીલી સ્પા
ભાઇઓ માટે Rs.1399/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
બહેનો માટે Rs.699/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1199/- માં પ્રિમીયમ મસાજ
અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ એમેઝોન પાર્કની બાજુમાં અમરેલી.
Appointment Now Mo.8160832025



પ્રોફેશનલ ફેમીલી સ્પા
Since : 2018 (7 વર્ષ જુનુ)
લેડીઝ માટે Rs.799/-　કપલ માટે Rs.1399/-
ભાઇઓ માટે એક સાથે એક ફ્રી
અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ.
એપોઇન્ટમેન્ટ માટે : Mo.70169 65665

**બાલક્રિષ્ના ટ્રેક્ટર્સ**
આયશર 188 (મીની) ટ્રેક્ટર રૂા.૨,૫૧,૯૯૯/-* સ્પે.ઓફર
ફક્ત રૂા.૧ લાવો ટ્રેક્ટર ઘરે લઇ જાઓ
ગર્વમેન્ટ સબસીડી માન્ય
- પાવરફુલ એરકુલ્ડ એન્જીન
- ૧૦ સ્પીડ ગિયરબોક્સ
- તેલમાં ડુબેલી બ્રેક્સ
*શરતોને આધિન
રાજુલા, સાવરકુંડલા, અમરેલી મો.૯૯૦૪૩૨૨૬૬૧/૬૪/૬૫



सत्यमेव जयते
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
સૌરાષ્ટ્ર આવૃતિ
AVADH TIMES GROUP





**ખરજવાની જળો દ્વારા અપાતી અકસીર સારવાર**
સુકા, તથા લીલા ખરજવા, ધાધર, શીળસ, ખુજલી, ખસ, લોહી, મંદાઈ જેવું પાકી ગયેલ રસોળી, ગડગુમડ, સફેદ ડાઘ, સોરાયસીસ, સાંધાનો-વાનો માથાનો દુઃખાવો, ખીલ, વાઢીયા, કરોળીયા, હર્ષિસ, હરસ-મસા-ભંગદર, જેવા હઠીલા રોગોના જળો દ્વારા ખરાબ લોહી ચુસીને ૧૦૦% મટાડી શકાય છે.
**કૈલાશ કલીનીક**
જળો દ્વારા કુદરતી ઉપચાર કેન્દ્ર
ડો. એલ.એલ. બાવળીયા B.A.M.S., M.D. (H.M.) મો. ૯૪૨૬૪ ૨૧૯૨૨
ડો. ભરત એલ. બાવળીયા B.A.S.M., M.D. (H.M.) મો. ૯૪૨૮૪ ૬૯૮૪૬
હનુમાન પરા રોડ, મોહન નગર, અમરેલી. ફોન :- (૦૨૭૯૨) ૨૩૨૫૭૫


## અમરેલીમાં બપોર બાદ વરસાદનું ઝાપટું : વાતાવરણ ટાઢુબોળ


**શું તમે પથરીના દુ:ખાવાથી પરેશાન છો ?**
ઓપરેશન કરાવવામાં ડર લાગે છે ?
તો આજે જ
મારૂતિ ક્લિનિક
ની મુલાકાત લ્યો.
અહીંયા ઓપરેશન વગર હોમિયોપેથીક દવા દ્વારા પથરીની સારવાર કરવામાં આવે છે.
પથરીની સારવારની વિશેષ માહિતી માટે।
ડો. આકાશ આર. જાવિયા ડો. હિના એ. જાવિયા
9662635124
દુ.નં.૧૦, ગ્રાઉન્ડ ફ્લોર, લાઈફ લાઈન કોર્નર બિલ્ડીંગ, માણેકપરા મેઈન રોડ, નારી હોસ્પિટલની સામે, અમરેલી



**ડો. પિયુષ વી. ગોસાઈ**
(એમ.ડી.) ગાયનેક
પ્રસુતિ તથા સ્ત્રીરોગ નિષ્ણાંત
**શ્રીજી વુમન્સ હોસ્પિટલ તથા સોનોગ્રાફી સેન્ટર,**
સુખનાથ પરા, હીરામોતી ચોક, શ્રીજી ટાવર સામે, લીલીયા રોડ, અમરેલી. ફોન નં. (૦૨૭૯૨) ૨૨૧૦૯૬ મો. ૭૦૧૬૧ ૧૨૪૦૬
ઉપલબ્ધ સુવિધાઓ
- સગર્ભા સ્ત્રીઓની નિયમીત તપાસ (ANC)
- પ્રસુતી પછીની તપાસ (PNC)
- નોર્મલ ડીલવરી
- સીઝરીયન ડીલવરી
- કોપર ટી, સરકાર માન્ય કુટુંબ નિયોજનનું ઓપરેશન
- ગર્ભાશયના તમામ રોગોની તપાસ તથા સારવાર
- સરકાર માન્ય ગર્ભપાત (MTP) કેન્દ્ર
- સોનોગ્રાફી સેન્ટર (કલર ડોપ્લર તથા 3D/4D સોનોગ્રાફી)
- ગર્ભાશયનું ટાંકા વાળુ તથા ટાંકા વગરનું ઓપરેશન
- ગર્ભાશયનાં મુખનાં કેન્સરની તપાસ (પેપ્સ સ્મીયર)
- IUI ફેસીલીટી
- IVF માટે સલાહ

અમારી હોસ્પિટલમાં આયુષ્યમાન કાર્ડ અંતર્ગત સારવારની સુવિધા ઉપલબ્ધ છે
ઓ.પી.ડી. ટાઈમ સવારે ૧૦:૦૦ થી ૨:૦૦ સાંજે ૬:૦૦ થી ૮:૦૦ સોમ થી શનિ



**શ્રી રાઘવેન્દ્ર મલ્ટિ-સ્પેશ્યાલીટી હોસ્પિટલ**
SHREE RMS HOSPITAL
કેરીયા રોડ, રેલ્વે અંડર બ્રીજ પાસે, અમરેલી. ફોન : ૦૨૭૯૨ ૨૨૯૫૮૦ | ૨૩૩૫૮૦ મો : ૬૩૫૩૧ ૧૩૦૭૨
- ઈન્ફર્ટીલીટી (વ્યંધત્વ)ની તપાસ, તથા પુરૂષ/સ્ત્રી બીજની સારવાર, અંડકોષની સારવાર.
- ગર્ભાશયની ખામી માટેની થતી દુરબીનથી તપાસ તથા સારવાર, IUI.
- 2D અને 3D સોનોગ્રાફી તથા બાળકની ખોડખાંપણની તપાસ.
- નોર્મલ તથા જોખમી (હાઈ રીસ્ક પ્રેગનેન્સી) પ્રસુતિની સારવાર.
- લેપ્રોસ્કોપી (Striker) (દુરબીન દ્વારા) કોથળી અને અંડાશયના ઓપરેશનની સુવિધા.
- ટાંકાવાળા તથા ટાંકા વગરનાં ગર્ભાશયની કોથળી તથા અંડાશયના ઓપરેશનની સુવિધા.

**ડો. કેવલ આર. પંડયા**
(M.B.,D.G.O.)
એડવાન્સ લેપ્રોસ્કોપી, સોનોગ્રાફી તથા ઇન્ફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ



**નારી હોસ્પિટલ**
વુમન્સ & ચિલ્ડ્રન હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
દુરબીનથી તથા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ
**ડૉ. ચિરાગ કુબાવત** (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ પ્રસુતિ તથા દુરબીનથી થતા ઓપરેશનનાં નિષ્ણાંત
મો.૯૩૨૭૩ ૬૧૦૮૪
**ડૉ. ઉપાસના સી. કુબાવત**
(M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
મો.૯૭૨૩૭ ૯૯૦૯૧
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી



**ડોક્ટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ**
**ડૉ. વિશાલ પોપટાણી** (કાર્ડિઓલોજીસ્ટ)
૯૮૨૫૦ ૭૮૧૩૨, મહિનાના પહેલા શુક્રવારે સવારે ૧૨:૦૦ થી ૦૨:૦૦
**ડૉ. મૌલિક ભડાણીયા** (ગેસ્ટ્રો સર્જન)
૯૦૮૧૦ ૮૧૮૩૮, શુક્રવારે સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦
**ડૉ. ધવલ તન્ના** (રૂમેટોલોજીસ્ટ)
૭૯૮૪૫ ૯૫૭૨૫, મહિનાના પહેલા શનિવારે સવારે ૧૦:૦૦ થી ૦૪:૦૦
**ડૉ. સંદિપ સોલંકી** (ન્યુરો સર્જન, સ્પાઇન સર્જન)
૯૬૬૪૮ ૪૯૮૦૫, મહિનાના પહેલા શનિવારે સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦
(જુના દરેક રીપોર્ટ સાથે લઇને આવવા)
નામ નોંધાવવા માટે - ફોન : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨ - ૨૯૬૪૩૪
કાયમી કન્સલ્ટન્ટ ::- ડો.ડી.એમ.ઉનડકટ (એમ.ડી.)
ડો.રૂચિતા જેઠવા (એમ.ડી) ડો.આર.ડી.ઘોડાસરા (એમ.એસ.)
ડો.દ્રષ્ટિ પંડયા (બીપીટી - ફીજીયોથેરાપીસ્ટ)
**અનંતા હોસ્પિટલ, નિકોલ-અમદાવાદ-કાયમી કન્સલ્ટન્ટ**
ડો.ઉત્સવ ઉનડકટ (ઇન્ટરવેન્શનલ કાર્ડિઓલોજીસ્ટ) મો.૮૧૯૭૩ ૯૧૫૬૬
ડો.કોમલ વ્યાસ ઉનડકટ મો.૯૯૧૩૬ ૪૮૪૩૦
(ડી.એન.બી.-ગાયનેક, ઇન્ફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ)



**તદ્દન મફત વિના મુલ્યે**
**આયુર્વેદ વિભાગ દ્વારા આયોજીત કેમ્પ**
૧ દિવસથી ૧૨ વર્ષનાં બધા બાળકોને શિબીરમાં ડ્રોપ્સ આપવામાં આવશે.
સુવર્ણપ્રાશન દરરોજ પણ આપી શકાય છે.
**પુષ્યનક્ષત્ર** ના શુભ અવસરે સુવર્ણપ્રાશન સંસ્કાર
દ્વારા આપના બાળકોને આપો સંપૂર્ણ સ્વાસ્થ્યની **સુવર્ણ ભેટ**
તા.૦૩-૦૮-૨૪ શનિવાર માત્ર એક દિવસ
સમય : સવારે ૯ થી ૧, સાંજે ૫ થી ૮ સુધી
**આયુર્વેદ ઈમ્યુનાયઝેશન ફાયદાઓ**
- યાદશકિત અને ગ્રહણશકિતમાં વધારો.
- આયુર્વેદીક રસીકરણ.
- ઉંમર પ્રમાણે વજન અને ઉંચાઈનો વધારો.
- પાચનશકિતમાં વધારો.
- રોગપ્રતિકારક શકિત વધવાથી સીઝનલ રોગ ઓછા થવા.
- મગજતેજ અને બાળક ઉત્સાહી બને..

વધુ માહિતી માટે રૂબરૂ મુલાકાત લો..
કેમ્પનું સ્થળ
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ - સંચાલિત
**નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદ હોસ્પિટલ** (ગોળ દવાખાનું)
ચિતલ રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૩૩૧૬ / ૨૨૮૯૦૪



દરેક સ્વપ્ન થશે સાકાર
N.J. SECURITIES SINCE 1988 FOR WEALTH CREATION
**તમે શેમાં કરશો રોકાણ ???**
- મ્યુચ્યુઅલ ફંડ
- ફિક્સ ડિપોઝીટ
- બોન્ડ્સ
- લાઈફ ઇન્સ્યોરન્સ
- હેલ્થ ઇન્સ્યોરન્સ
- ઇક્વિટી કોમોડિટી ટ્રેડિંગ
- ડિમેટ સર્વિસ
- પી. એમ. એસ.

**N. J. Securities**
"શ્રીજી કૃપા", કાપડ બજાર, જુની શાકમાર્કેટ પાછળ, અમરેલી
94295 01579
94292 01579
ફોન : (02792) 220 579 - 232 579
www.njsecurities.in | Info@njsecurities.in





